
# स्वतंत्रतानी पराकाष्ठा



Version 001: remember to check http://www.AtmaDharma.org for updates

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# સ્વતંત્રતાની પરાકાષ્ટા

આત્મજ્ઞ, અંતર્નિમગ્ન, સ્વભાવનિષ્ઠ,
પરમ પૂજ્ય **'ગુરુદેવશ્રી' કાનજીસ્વામી**નાં
નિયમસાર ગાથા-૧૧૦, અષ્ટપાહુડ ગાથા-૧૦ થી ૧૩
તથા પરમાત્મા પ્રકાશ, અધિકાર બીજો, ગાથા ૧૮ ઉપર
થયેલ મહામંગળકારી, અક્ષરશઃ પ્રવચનો...

**પ્રકાશક**

**શ્રી કુંદ કુંદ કહાન સત્ સાહિત્ય પ્રચાર-બોરીવલી**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
|---|---|---|---|
| ૨૯ | ૨૫૩૫ | ૨૦૬૫ | ૨૦૦૯ |

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૨૦ મી જન્મજયંતિ,

પૂજ્ય 'બ્હેનશ્રી' ચંપાબેનની ૯૬ મી જન્મજયંતિ,

પૂજ્ય 'બ્હેનશ્રી' શાંતાબેનની ૧૦૦મી જન્મજયંતિ,

પૂજ્ય 'ભાઈશ્રી' લાલચંદભાઈની ૧૦૦મી જન્મજયંતિ

નાં મંગલમય પ્રસંગે

★ આવૃત્તિ પ્રથમ : પ્રત: 2000, તા. 1-6-2009

★ **મૂલ્ય : ધારાવાહી સ્વાધ્યાય**

**★ પ્રકાશક ત્થા પ્રાપ્તિસ્થાન ★**

**શ્રી કુંદ કુંદ કહાન સત્ સાહિત્ય પ્રચાર**

ડી-16/205, યોગી નગર, એકસર રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - 400 092

ફોન : 2863 1155 / 9322890089

**ટાઈપ સેટીંગ : સમીર પારેખ - ક્રિએટીવ પેજ સેટર્સ**

૩૪, કાવસજી પટેલ સ્ટ્રીટ, ૧૭, લાખાણી ટેરેસ, ફોર્ટ, મુંબઈ - ૧ **ફોન** : ૨૨૮૨ ૫૭ ૮૪

**મુદ્રણ : નિલેશ પારેખ - પારસ પ્રિન્ટ્સ,**

૧, શાંતા ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, આઈ. બી. પટેલ રોડ, ગોરેગામ (ઈ), મુંબઈ - ૬૩ **ફોન** : ૨૬૮૫ ૩૬ ૩૮

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This electronic shastra has been donated in memory of Pujya Shree Lalchandbhai Amarchand Modi's 100th Janma Jayanti (1 June 2009) by Shree Kundkund Kahan Sat Sahitya Prachar, D-16/205, Yogi Nagar, Eaksar Road, Borivoli (West), Mumbai 400 092 (Phone: 2863 1155/ 9322890089).

Our request to you:

1) This electronic version of Svatantrata Ni Parakashta is the original copy from which the first paper version was printed. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 5 Aug 2009 | First electronic version |

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



# પ્રકાશકીય નિવેદન

આ સમગ્ર પ્રવચનો પૂ. ગુરુદેવશ્રીનાં સી.ડી. ઉપરથી અક્ષરશઃ લખવામાં આવ્યા છે. સી.ડી. ઉપરથી લખવાનું કાર્ય આત્માર્થી ભાઈશ્રી વિજયભાઈ શેઠ, બોરીવલી તથા આત્માર્થી બ્હેન શ્રીમતી સોનલબેન વખારીયા, બોરીવલી દ્વારા પૂર્ણ થયેલ છે, તે બદલ સંસ્થા તેમનો આભાર માને છે.

આ પ્રવચનોનાં પ્રકાશનમાં કાંઈ ક્ષતિ ન રહે તે માટે અમોએ વારંવાર પ્રવચનો સાંભળી, લખાણ શુદ્ધિ કરી છે. છતાં કોઈપણ ક્ષતિ રહી હોય તો તે અમારો દોષ છે, તે બદલ અમો ક્ષમા ચાહીયે છીએ.

આ પ્રકાશનમાં એક મુમુક્ષુભાઈ તરફથી આર્થિક સહયોગ મળ્યો છે, તે બદલ સંસ્થા તેમનો આભાર માને છે.

**લી. શ્રી કુંદ કુંદ કહાન સત્ સાહિત્ય પ્રચાર, બોરીવલી**

**અમારું પ્રથમ પ્રકાશન**

**સ્વતંત્રતાનો ઢંઢેરો**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



## પ્રાપ્તિસ્થાન

**કલકત્તા :**
**શ્રી પ્રકાશભાઈ શાહ**
23/1, બી. જસ્ટીસ દ્વારકાનાથ રોડ, ખાલસા સ્કૂલની સામે, ભવાનીપુર, કલકત્તા - 20
ફોન : 24853723

**રાજકોટ :**
**શ્રી ચેતનભાઈ મહેતા**
'સ્વરૂચી' યોગી નિકેતન પ્લોટ, સવાણી હોલની શેરીમાં, નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ-360005
ફોન : 93741 00508 / 2477728/29

**જામનગર :**
**શ્રી પરેશભાઈ વાધર**
25, દિગ્વીજય પ્લોટ,
જામનગર
ફોન : 560566

**મુંબઈ :**
**શ્રી કવિન્દ્ર ગાલા**
ચોથે માળે, સિદ્ધી દીપ,
રુઈયા સ્કૂલની સામે, મહંત રોડ,
વિલેપાર્લે (ઈ), મુંબઈ - 57
ફોન : 9892238006 / 26102865

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



શ્રી વીતરાગાય નમઃ

# નિયમસાર

## ગાથા ૧૧૦, સળંગ પ્રવચન નં. ૧૨૩

कम्ममही सहमूलच्छेदसमत्थो सकीयपरिणामो ।
साहीणो समभावो आलुंछणमिदि समुद्दिट्ठं ।।११०।।

છે કર્મતરુમૂલછેદનું સામર્થ્ય જે પરિણામમાં,
સ્વાધીન તે સમભાવ-નિજપરિણામ આલુંછન કહ્યા. ૧૧૦

નિયમસાર ૧૧૦ ગાથા, અહીં સુધી આવ્યું છે, નિત્ય નિગોદના જીવોને પણ, શું કહે છે ? આ આત્માનો જે પંચમ પરમભાવ, વસ્તુ તરીકે, સત્તા તરીકે અસ્તિત્વ તરીકે, જે સત્વ છે એ નિત્ય નિગોદના જીવોને પણ શુદ્ધનિશ્ચયથી તે પરમભાવ ''છે''. ''અભવ્ય પરિણામી જીવાનામ્ સહિત નથી. એટલે એના પરિણામ ન પરિણમી શકે, શુદ્ધ સ્વભાવે ન પરિણમી શકે એવું એને નથી, અભવ્ય જીવને વસ્તુ છે, પણ એને આશ્રય નથી. તેથી તે તેને લાયક નથી. એમ આહિં નિગોદના જીવને લાયક નથી એમ નહીં, એમ ક્હે છે. નિગોદના જીવમાં પણ આહાહાહા... એ લસણ ને ડુંગળી એની જે કટકી રાઈ જેટલી લ્યો તો અસંખ્ય તો શરીર છે અને અનંત એક એક જીવને તૈજસ, કાર્માણ શરીર છે. એવા એક અંગોના અસંખ્ય ભાગમાં અનંત આત્માઓ, પણ એ આત્માનું જે સત્વદળ છે, એ તો નિત્યનિગોદના જીવને પણ શુદ્ધ જ છે. આહાહાહા... (બરાબર) નિત્ય નિગોદના જીવોને ''પણ'', એમ, પ્રગટ થયું છે એને તો ઠીક, પણ નિત્ય નિગોદના જીવોને પણ, શુદ્ધ નિશ્ચયથી પરમભાવ, અભવ્ય પરિણામી જીવાનામ્ સહિત નથી, શુદ્ધ છે. એ આનંદ અને પરમાત્મ સ્વરૂપે શુદ્ધ જ છે અને તે પરમાત્મ સ્વરૂપે પરિણમી શકે એમ છે. નિત્ નામ નિત્ય નિગોદના જીવમાં પણ એવી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



શક્તિ છે. એ અભવી પરિણમી શકતા નથી એવા એ નથી એમ કહે છે. આ...હા...હા...

વસ્તુ છે ને, અંતરમાં ચૈતન્ય સત્વનું સત્વ એનું સત્વ જે છે એ તો જ્ઞાયકપણાનું અનંતગુણનું પૂરણરૂપ છે. જે પોતે સ્વતઃપણે સ્વયં અંતરના સ્વભાવપણે પરિણમી શકવાની નિત્ય નિગોદના જીવને પણ તાકાત છે અહાહા... ભલે એ ટાણે ન કરી શકે પણ એનામાં તાકાત છે. નિત્ય નિગોદનો જીવ નીકળીને પણ, માણસ થઈને પરમપારિણામિક સ્વભાવનો અનુભવ કરી અંતમુર્હૂર્તમાં મુક્તિને પામે (બરાબર). આહાહાહા...

અભવ્ય પરિણામી જીવાનામ્ સહિત નથી, આહાહાહા.... એથી આમ કહ્યું, અભવ્ય જીવને તો જીવ શુદ્ધપણે વસ્તુ તો છે પણ એ પરિણમવાને યોગ્ય નથી. પૂરણ જીવનું સ્વરૂપ છે તેવું થવાને લાયક એ નથી એમ નિત્ય નિગોદમાં નથી. આહાહાહા.... ભલે નિત્ય નિગોદમાં ત્રસ થયો નથી અત્યાર સુધી, પણ એ જીવમાં એવી તાકાત છે કે પરિણમી શકે એવી તાકાત છે. વસ્તુ તો છે પણ તે શુદ્ધ પરિણમી શકે તેવી લાયકાતવાળા નિગોદના જીવો પણ છે. આહાહાહા.... છે ? શુદ્ધપણે જ છે. આહાહાહા.... જેનું સત્વ ચૈતન્ય એ શુદ્ધ જ છે. ભલે નિત્ય નિગોદમાં હોય, ત્રસપણું પામ્યા પણ ન હોય, પણ એની વસ્તુ તો શુદ્ધ, પવિત્ર, આનંદકંદ અને પરિણમવાને યોગ્ય છે. આહાહાહા.... ત્યાંથી નીકળીને અંતર્મુર્હૂતે મનુષ્ય થાય, એકાદ ભવ કરે નિગોદથી ને પછી મનુષ્ય થાય, એ આઠ વર્ષે શુદ્ધ સ્વરૂપનું પરિણમન કરીને મુક્તિ પણ પામે આહાહાહા.... એવી એનામાં તાકાત છે. નિત્ય નિગોદ જેમાં ત્રસપણું હજુ પામ્યા નથી એવા જીવોમાં પણ એવી તાકાત છે કે અહીં જરી મનુષ્ય એકાદભવ વચ્ચે કરે અને મનુષ્ય થાય, આઠ વર્ષે આહાહાહા.... નિગોદનો અનાદિ સાંત ભાવ કરી અને સિદ્ધનો સાદિ અનંત ભાવ પ્રગટ કરી શકે છે. આહાહાહા....

ભાષા કામ ન કરે ત્યાં, ભાવની ત્યાં સામર્થ્યની બલિહારી છે. એ વાત અંદર બેસવી... આહાહાહા.... એ જ્ઞાનમાં એ વાત આવ્યા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



વિના એ બેસે નહીં, અહીંયા તો નિગોદના જીવની તાકાત એવી છે એટલી વાત કરે છે પણ એ બેસે કોને ? જેને એ ચૈતન્ય મૂર્તિ ભગવાન પરમેશ્વર સ્વરૂપે બિરાજમાન એની અંદરની અમૂઢ દ્રષ્ટિ થઈ, સત્યના સત્વને અનુભવ્યું, અનુભવમાં આવ્યું કે આ તો પૂરણ આનંદનો ઘન છે, એ જીવને પરિણમવાની જેમ તાકાત છે, એમ નિગોદના જીવને પણ એ રીતે પરિણમવાની તાકાત છે. આહાહાહા....

જેમ, દ્રષ્ટાંત આપે છે, આ પંચમઆરાના મુનિ, પંચમઆરાના જીવને સંબોધે છે. (બરાબર) આહાહાહા.... આવડી મોટી વાત પંચમ આરામાં કરાય કે નહીં ? કરાય નહીં, શું કરી શકે છે. પંચમઆરાનો જીવ પણ નિગોદમાંથી નીકળીને અંતર્મૂહૂર્તમાં આઠ વર્ષે અંતર્મૂહૂર્તે આત્મજ્ઞાન પામીને સર્વજ્ઞ થઈ શકે છે. આહાહાહા.... ભરોસો જોઈએ ને. વિશ્વાસે વહાણ હાલેને. વિશ્વાસ, રૂચિ, દ્રષ્ટિ પરિણમનમાં એને બેસવું જોઈએ કે આ તો પ્રભુ શુદ્ધ સત્વ છે આખું, પૂર્ણ આનંદ છે. એમાં અશુદ્ધતા તો નથી, પણ અપૂર્ણતા નથી. અશુદ્ધતા તો નથી, પણ અપૂર્ણતાએ નથી, એવા નિગોદના નિત્યનિગોદના જીવ છે. આહાહાહા.... તો પછી આહાહાહા.... તો તુ તો બહાર નીકળીને આંહી સુધી આવ્યો છો ને એમ કહે છે. તું અહીંયા સુધી આવ્યો મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો એમ કહ્યું 'સબ અવસર આ ગયા હૈ.' આવ્યું છે ને. મનુષ્યપણું પામ્યો, જૈનવાણી પંચમ પરમભાવની કાને પડી તને, અને ક્રમબદ્ધ, દ્રવ્યનો પર્યાય સ્વભાવ ક્રમબદ્ધ તેનો નિર્ણય થવાનો જ્ઞાયક ભાવ તરફનો આશ્રય થવાની લાયકાત તારામાં છે, એ પંચમઆરો એને કાંઈ નડતો નથી આહાહાહા.... પંચમઆરાના સંત...

એ જેમ મેરૂના અધોભાગમાં રહેલા સુવર્ણરાશીને પણ, મેરૂપર્વતની નીચે સોનું છે એકલું ભરેલું, આહાહાહા.... લાખ જોજનનો મેરૂપર્વત છે. એની નીચે એકલું સોનું ભરેલું છે, અનાદિથી. આહાહાહા.... મેરૂપર્વતનો જે અંદર જે નીચલો ભાગ જે એકલા સોનાથી ભરેલો છે, અનાદિથી હો. આહાહાહા.... એ મેરૂપર્વતમાં અધોભાગમાં રહેલા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



સુવર્ણરાશી, સુવર્ણનો ઢગલો, એને પણ સુવર્ણપણું છે, એને પણ સુવર્ણપણું તો છે, તેમ અભવીને પણ પરમસ્વભાવપણું છે. અભવીને પણ પરમસ્વભાવપણું તો છે, તે વસ્તુ નિષ્ઠ છે. તે વસ્તુમાં રહેલી જ તેની યોગ્યતા છે. મેરૂપર્વતનું સોનું બહાર લાવીને વેપારમાં કામ આવે કે ઉપયોગમાં કામ આવે એમ નથી. સોનાનો ઢગલો પડ્યો છે નીચે. મેરૂપર્વત લાખ જોજનનો ઉંચો, એના પ્રમાણે એની પહોળાશ કેટલી ? નીચે એકલું સોનું ભર્યું છે. આહાહાહા....

શ્રોતાને એમ કહે છે. તું પરિણમી શકે છો ! અભવીના જીવ જેવો તું નથી આહાહા.... ઈ તો અલ્પ જીવ કો'ક હોય છે, એવા, તું અહીંયા આવ્યો. અહીંયા સાંભળો છો, અહીં સાંભળવા આવ્યો, આ કાંઈ એકેન્દ્રિયને કહેતાં નથી, હૈ ? આહાહાહા....

ભલે અપ્રતિબુદ્ધ હો, પણ છો તો ભગવાન અને ભગવાન થવાને પરિણમનને લાયક જ છો. ભગવાનપણું પરિણમવાને લાયક જ છો. આહાહાહા.... અભવીને ભગવાનપણું છે, પણ ભગવાનપણું પરિણમવાને લાયક નથી. આંતરો પાડીને વાત કરે છે હું તને સંભળાવું છું એ તને હું એમ કહું છું કે નિત્ય નિગોદના જીવપણ, અભવ્યના જીવ જેવા નથી આહાહાહા.... તો પ્રભુ તું તો અહીં આવ્યો, અહીં સુધી આવ્યો, સાંભળ્યું વીતરાગની, ત્રણલોકનાં નાથની વાણી કાને પડી, તો કહીયે છીએ કે તારો આત્મા શુદ્ધપણે પરિણમવાને લાયક છે. આહાહા.... પરમાત્મા થવાને લાયક છે આહાહા.... પરમાત્મપણું છે. એવું પરમાત્મપણું પ્રતીતમાં આવે એવો તું છો. (મંગલ આશીર્વાદ આપનાં) આહાહા.... હૈ ? આવી વાત જ કરી, આજે એવી...

આ પંચમઆરાના સાધુ છે ને, પંચમઆરાના શ્રોતાને સંભળાવે છે. આહાહા.... તું મુંઝાઈશ નહીં, અભવી જેમ ન પરિણમી શકે એમ તું ન પરિણમી શકે એમ છે નહીં, તું આંહી સુધી આવ્યો છો તો તું સાંભળ. આહાહા.... એમ કહે છે, મુનિરાજ એમ કહે છે ભગવાનની વાણીને અનુસરીને મુનિરાજ કહે છે. ભગવાનની વાણી પણ એમ કહે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



છે. (જી) એ એને અનુસરીને એ પોતે કહે છે. એ અનુસરીને પોતે પરિણમ્યા છે. પણ એને અનુસરીને તું પણ પરિણમીશ, એવો તું છો આહાહા.... પંચમઆરાને, આવું હલકું પુણ્ય, ઓછા, ને... હલકે ઠેકાણે અવતાર થઈ ગયો ને... એ લક્ષમાં લઈશ નહીં.

આહાહા.... પૂર્ણાનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદનો રસકંદ અતીન્દ્રિય આનંદ પણે પરિણમી શકે એવો તું છો ! આહાહા.... ૩૮ ગાથામાં તો એ કહ્યું છે ને શ્રીગુરુએ વારંવાર કહ્યું, ન્યાં તો એમ લખ્યું છે કે નિરંતર સમજાવતાં તો, નિરંતર સમજાવતાં તો ક્યા નવરા હતાં ગુરુ ? એનો અર્થ નિરંતર ઘોલન કરતાં (બરાબર) આહાહા.... દર્શન, જ્ઞાન, ચારિત્ર ને પ્રાપ્ત ને તે પણ પ્રાપ્ત થયું કેવું ? કે ન પડે એવું. અનાદિથી અપ્રતિબુદ્ધ હતો તે પણ પ્રતિબુદ્ધ પામ્યો અને તે પણ અજ્ઞાન ઉત્પન્ન થવાનું છે જ નહીં આહાહા.... પંચમઆરાના પ્રાણીનો પોકાર છે. કહેનાર નો તો છે પણ શ્રોતા છે, સાંભળ્યું જેણે, એનો એ પોકાર છે. આહાહાહા.... સમજાય છે કાંઈ ? કહેનાર તો કહે છે, પણ તું તેવો થઈ શકે એવો છો, કાળની, રાહ ને વાટ જોવાની નથી .... આહાહા.... આવો તને ભગવાન પૂર્ણાનંદનો નાથ કાને પડ્યો પ્રભુ, એ થવાને લાયક જ છો પરમાત્મા, અભવીની જેવો નથી તું આહાહા.... આટલું બધું કહી દીધું. અભવી જેવો નથી તું, નિત્ય નિગોદના જીવો પણ અભવી જેવા નથી આહાહા....

''તારી નજરને આળસે રે નયને ના નિરખ્યાં હરી'' હરી એવો જે અજ્ઞાન ને રાગદ્વેષ હરનાર પ્રભુ, તારી નજરને આળસે નિધાન રહી ગયું, નિધાન પડ્યું જ છે અને તે પરિણમવાને લાયક તું છો. આહાહા.... ગજબ વાત કરે છે...

દિગંબર સંતોની વાત, શ્રીમદ્ કહે છે ''દિગંબરના તીવ્રવચનોને લઈને રહસ્ય કાંઈક સમજી શકાય છે, શ્વેતાંબરની મોળાશને લઈને રસ ઠંડાતો ગયો.'' આના રહસ્યનો એવો પોકાર છે. દિગંબર સંતોનો પોકાર છે. આહાહા.... પ્રભુ, તું પરિણમવાને લાયક છો એમ કહીએ છીએ, કહે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



છે. આહાહા.... પ્રભુ, તમે સર્વજ્ઞ નથી ને... અમે અભવી છીએ કે નહીં, એય તમને ખબર નથી ને... તમે આવો પોકાર કરો છો એકદમ. આહાહા.... લાયક છો, પરિણમવાને લાયક છો, પરિણમી શકે છો. આહાહા.... છે ? અભવી જીવો પરમ સ્વભાવનો આશ્રય કરવાને યોગ્ય છે પણ સુદ્રષ્ટિઓને આહાહા.... જેણે દ્રષ્ટિમાં ગુલાંટ ખાધી છે મિથ્યાત્વ છૂટી અને ક્રમબદ્ધમાં નિર્ણય કરતા જ્ઞાયકનો નિર્ણયનો અનુભવ થયો છે. ક્રમબદ્ધનો નિર્ણય કરતાં આ જ્ઞાયકભાવનો અનુભવ થયો છે. આહાહા.... એવા સુદ્રષ્ટિઓને અતિઆસન્ન ભવ્ય જીવોને, સુદ્રષ્ટિની વ્યાખ્યા કરી, લીટી કરીને, સુદ્રષ્ટિ એટલે અતિઆસન્ન ભવ્યજીવ. અલ્પકાળમાં મુક્તિ છે એને... આહાહા.... મોક્ષ તો એને હવે એક, બે ભવમાં દેખાય એમ કહે છે એને મોક્ષ દેખાય છે. અલ્પકાળમાં મોક્ષ થશે એમ પોકાર છે... આહાહા....

શ્રીમદ્દે કહ્યું ને, ગૃહસ્થાશ્રમમાં હતાં, લાખોના વેપાર હતાં, અંતરદ્રષ્ટિમાંથી આવ્યું છે જે ‘‘અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે’’ રાગ હજી એક બાકી લાગે છે. પણ તેથી ‘‘દેહ એકધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ’’ અમે એકાદ દેહ ધારીને અમારા દેશમાં ચાલ્યા જાશું. રાગના પ્રદેશમાં હવે અમે નહીં રહીએ આહાહા.... રાગના પ્રદેશમાં એમ કહ્યું વાણી આવીને, બહેનમાંય આવ્યું ને આમાંય ‘‘જાશું સ્વરૂપ સ્વદેશ’’ એનો અર્થ ઈ આવ્યો, પુણ્ય ને પાપ છે એ પરદેશ છે, વિભાવ છે, સ્વભાવ નથી એનો આત્માનો એ પરિવાર નથી. આહાહા.... આત્માનો પરિવાર તો આનંદ, શાંતિ, સ્વચ્છતાને, પ્રભુતાને, પૂર્ણતા એ પ્રભુની સામગ્રી અર્થાત્ પરિવાર છે એ સ્વદેશમાં એકાદ દેહ ધારણ કરીને અમે પૂરણ થવાના છીએ આહાહા.... સમજાય છે કાંઈ ? સર્વજ્ઞને મળ્યા નથી. કુંદકુંદ આચાર્ય તો સર્વજ્ઞને મળ્યાં છે. આ સર્વજ્ઞ સ્વભાવ આત્માનો સર્વજ્ઞ સ્વરૂપ જ આત્મા છે. જેને આત્મજ્ઞ કહ્યું. સર્વજ્ઞ સ્વભાવ આત્માનો તે આત્મજ્ઞ છે ઈ, સર્વને જાણવું એ તો અપેક્ષિત વાત થઈ આહાહા.... આત્માની પર્યાયમાં પૂરણપણે જાણવું એ આત્મજ્ઞપણું એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



સર્વજ્ઞપણું છે, એવું અલ્પકાળમાં સર્વજ્ઞપણું થશે, તે સ્વદેશ છે અમારો એમાં અમે જશું, પરદેશમાંથી ખસી જશું. અમારૂં એ વતન છે આહાહા.... અતિન્દ્રીય આનંદનો નાથ એ અમારૂં વતન છે એ અમને રહેવાનું સ્થાન છે આહાહા.... ''જાશું સ્વરૂપ સ્વદેશ'' આ તો મુનિરાજ એમ કહે છે તું અલ્પકાળમાં મોક્ષ થઈશ, મોક્ષમાં જઈશ, એવો તું છો આહાહા....

અભવીની રાશિ જેવો નથી, એમ કીધું ને, નિગોદના જીવોને પણ એમ કીધું, પણ સંભળાવનારને તો પંચેન્દ્રિયપણું છે, સાંભળનારને તો પંચેન્દ્રિયપણું છે... આહાહા.... ઓછપનો આશ્રય ન કર, ઓછું રહીશ એવુ ન માન, પૂર્ણ થઈ જઈશ, એવું માન. આહાહા.... પૂરણ છો અને પૂરણ થઈશ.! અભવી પૂરણ છે, પણ પૂરણ થઈ શકવાને યોગ્ય નથી. પણ તને કહીયે છીએ કે તું પૂરણ છો. અને પૂરણ થઈ શકવાને યોગ્ય છો. આહાહા.... આવી વાત છે.

હૃદય મુનિના હૃદયનો આ પોકાર આ છે હૈ... પોતે પામ્યા એટલે કે તું પામીશ જ. તું પામવાને લાયક જ છો. આહાહા.... અભવી જીવની પેઠે નથી. નિત્ય નિગોદના જીવો પણ અભવી જીવની પેઠે નથી. પ્રભુ! ત્યારે પછી તું તો અહીંયા પંચેન્દ્રિયપણે જૈન વાણી સાંભળવાને માટે આવ્યો. આહાહા.... અલ્પકાળમાં પરીણમીશ. એ જેવી જેટલી પ્રભુતા પડી છે જે સત્વમાં પ્રભુત્વ છે તેવી જ પર્યાયમાં સત્વ પ્રભુતા પ્રગટ થઈ જશે. એવો લાયક તું છો. આહાહા.... વિશ્વાસ... એ ક્યાંથી લાવવો. કહે છે, હૈ ? એનો વિશ્વાસ-વિશ્વાસે વહાણ હાલે, એમ ચૈતન્યનો આવો વિશ્વાસે એની પરિણતી પૂરી થઈ જાય આહાહા.... ભાષા જોઈ? નિત્ય નિગોદના જીવ, અભવી જીવની પેઠે નથી મારે... આ પ્રભુ શું કહે છે. નિત્ય નિગોદના જીવ આવા નથી આહાહા.... તો પ્રભુ તું તો માણસ થયો, અને તે પરમાત્માની વાણી સાંભળવાને માટે આવ્યો, સાંભળે છો, તું પરિણમવાને લાયક જ છો. સંદેહ ન કર. આહાહા.... (આજનું સંબોધન ગુરુદેવ ! બહુ મીઠુ લાગે છે...) આહાહા....

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



આવી વાત છે. મુનિ પોતે કહે છે આમ, નિત્ય નિગોદના જીવમાં પણ અભવી તો પડ્યા છે, પણ છતાં અભવી ને લાયક તે પરિણમન નથી એમ ના પાડીએ છીએ આહાહા.... તેમાં પણ એવા જીવો છે કે પરિણમી જશે કેવળજ્ઞાનપણે, ભલે ન્યાંથી નીકળીને અને તું તો નીકળીને બહાર આવ્યો છો, આહાહા... ને કાને વાણી પડે છે પરમાત્માની, ત્રણ લોકના નાથની વાણી છે આ. આહાહા.... આહાહા.... (જામી, ગુરુદેવ જામી) આહાહા.... આ ફેર શું કર્યો કે નિત્ય નિગોદના જીવ પણ પરિણમી શકે છે. અભવી જેવા નથી. ગજબ વાત કરી છે. પ્રભુ તમે તો છદ્મસ્થ મનુષ્ય છો, મુનિ છો, પંચમઆરા- ફારાના અમે મુનિ નથી, આહાહા.... અમે તો જે છીએ તે છીએ. છીએ તે છીએ, ત્રિકાળ છીએ તે તે જ છીએ અમે આહાહા.... અને તું પણ તે થઈ શકીશ. વિશ્વાસ લાવ, સંદેહ છોડ, નિઃસંદેહ કર, અમે તને કહીયે છીએ કે તું પરિણમી શકીશ તો પછી તને નિઃસંદેહ થતો નથી? આહાહા.... લાલચંદભાઈ હૈ  આહાહા.... (ઘણું કહ્યું) આહાહા....

શું વાણી સંતોની, આ દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે એમ કહે છે. આહાહા.... ફાટ-ફાટ પ્યાલા અંદર છે. દિગંબર સંતોની વાણી, તીર્થંકરની જિનવાણી, દિવ્યધ્વનિ, એ આ વાણી છે. આહાહા.... પ્રભુ તું પામર તરીકે માનતો હોય તો છોડી દેજે ... આપણે અભવી હશું કે નહીં ? અરેરરે...! પ્રભુ, એ શું કરે છે તું ?

ઓલી એક આર્જિકા છે ને જ્ઞાનમતી, બહુ પ્રસિદ્ધ ને વખણાય ગામડામાં. પચ્ચીસ લાખનાં ગામડામાં બહુ પ્રસિદ્ધ થઈ ગઈ છે. એ એમ કહે છે કે આપણે ભવી છે કે અભવી ? કાળલબ્ધિ પાકી છે કે નથી પાકી એ તો સર્વજ્ઞ જાણે. અરરરર.... એ છાપામાં આવ્યું છે. જ્ઞાનમતી છે ને વાચા બહુ છે, માણસ બહુ ભેગું થાય, પણ વસ્તુ પ્રતીતના ઠેકાણા ન મળે. આહાહા.... એવું ત્યાં સુધી લખ્યું છે કે આપણે ભવી છે કે અભવી ? કાળલબ્ધિ પાકી છે કે નથી પાકી એ તો સર્વજ્ઞ જાણે અરરરર.... આંહી કહે છે કે પાકી છે તને એમ અમે કહીયે છીએ આહાહા.... (સભામાં તાળીઓ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



અને દુનિયા પાછા પ્રશંસા કરે, જાણપણાના બોલ બહુ હોય ચારે અનુયોગના, સ્યાદ્વાદ અવલોકન પુસ્તકનું નામ આપ્યું છે સ્યાદ્‌વાદ અવલોકન. ચાર અનુયોગનું જ્ઞાન છે, એમ કહે કે અને, આમ પાછું લખે છે કે આપણે ભવી છે કે અભવી એ ભગવાન જાણે. અરે પ્રભુ શું કરે છે તું આ ? આહાહા.... આહાહા....

આંહી મુનિરાજનો પોકાર છે કે નિત્ય નિગોદના જીવ પણ અભવીના જેવા નથી અમે એમ કહીએ છીએ આહાહા.... અભવી જીવ ન પામી શકે એવા નથી. નિત્ય નિગોદમાં એના જેવા છે એમ કહ્યું ને આમાં ભાઈ આહાહા.... ગજબ કામ કર્યું છે. આહાહા.... રહેવા દે, આડ મુકી દે. આડ રહેવા દે... પૂરણ પ્રભુ છો પ્રભુ આહાહા.... ભલે કોઈ રાગાદિ હોય પણ એ તને નડતર નથી. એ તો જ્ઞાનનું જ્ઞેય તરીકે વિષય. આહાહા.... સર્વવિશુદ્ધ જ્ઞાનમાં નથી આવતું ? દીવો ઘટપટને પ્રકાશે છે એમ નહીં, દીવો દીવાના પ્રકાશની દ્વિરૂપતાને પ્રકાશે છે, આહાહા.... દીવો દીવાને પ્રકાશે છે ને દીવો ઘટપટનું જ્ઞાન જ આંહી છે એને જ્ઞાન એટલે પ્રકાશ એને પ્રકાશે છે. એમ આત્મા પરને પ્રકાશતો નથી. (બરાબર) એની દ્વિરૂપતા સ્વને ને પરને જાણવાનો પ્રકાશ જે પોતાનો છે તે દ્વિરૂપતાને પ્રકાશે છે. પરને નહીં આહાહાહા.... વાણી તો જુઓ એક... હૈ ? દીવો ઘટપટને પ્રકાશતો નથી, દીવાની પ્રકાશની દ્વિરૂપતાને પ્રકાશે છે. દીવો, દીવાને પ્રકાશે છે ને એનું જે સ્વરૂપ છે તેને દીવો પ્રકાશે છે, એને (પરને) નહીં...

એમ ભગવાન આત્મા, પરને જાણવામાં પરને પ્રકાશે છે એમ નહીં (બરાબર) આહાહા.... સ્વ અને પરને પ્રકાશતા દ્વિરૂપતાને પ્રકાશે છે. જ્ઞાનની દ્વિરૂપતાને પ્રકાશે છે ‘પરને નહીં’.... ‘લોકાલોકને નહીં’ આહાહા.... છે ને પાછળ... આહાહા.... પ્યાલો ફાટ કહે છે અંદરથી ભરેલો છે ભગવાન એ ભગવાન ભરેલાને અંદર જો ભરેલો છે પૂરણ છે અને પૂરણ થઈ શકવાને લાયક છે એમ તને કહીએ છીએ. સંદેહ ના કર આહાહાહા.... આ એ કહે છે પોકાર, બેસવું તો એને પોતાને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



છે ને. મુનિરાજ તો બેસાડે છે, મુનિરાજ તો કહે છે, પણ નિત્ય નિગોદમાં પણ અભવી જીવની જેમ પરિણમી શકે નહીં એવી વાત છે નહીં... આહાહા.... એ તો કોઈ જીવ અલ્પ છે. ઢગલાં તો આ પડ્યા છે મોટા જીવના, આત્માના પરિણમવાને લાયક પડ્યા છે, એવા ઢગલા પડ્યા છે. આહાહા.... નહીં પરિણમવાને લાયક એવા જીવતો કોઈ અલ્પમાં અલ્પ અનંતમાં ભાગને એની વાત રહેવા દે. એ વાતને ભૂલી જા, એ છે નહીં, તુ એ છે નહીં. આહાહાહા....

ટીકા કરીને ગજબ કામ કર્યું (ટીકાની પણ ટીકા ગુરુદેવ કેવી છે?) હૈ ? ગજબ ટીકા છે સુદ્રષ્ટિઓને એટલે અતિઆસન્ન ભવ્ય જીવોને તૈયારી છે આમ મુક્તિની તૈયારી છે, મુક્તિની આહાહા.... જેમાં અજંપા જાપ નહીં પણ જંપા જાપ થઈ ગયા છે. મુક્તિનો જાપ થઈ ગયો છે આહાહા.... એવા આસન્નભવ્યજીવને, આસન્ન એટલે નજીક મુક્તિ નજીક છે. સંસારના જેને છેડા આવી ગયા છે આહાહા.... એ વાતને લક્ષમાં લે, સંસારના છેડા આવી ગયા છે, અંત આવ્યો છે અને મુક્તિની નજીક છે, એવા અતિઆસન્ન ભવ્યજીવોને આ પરમભાવ આ પરમભાવ ત્રિકાળી પરમ સ્વભાવ સત્વ આ સદા નિરંજનપણાને લીધે આહાહા.... સદા નિરંજનપણાને લીધે, અંજન-ફંજન એને છે જ નહીં, મેલ.. એ તો નિરંજન છે. આહાહા....

આલોચનાનો અધિકાર, આમ આલોચન કર, આમ અંદર આલોચન કર. કહે છે આહાહા.... એ 'છે' એમ એ રીતે આલોચવું અને જોવાને લાયક જ તું છો. સંદેહ રહેવા દે, ભગવાને ભવ દીઠા હશે તો ? અરે સાંભળને. ભગવાનની પ્રતીતી થઈ તેને ભગવાને ભવ દીઠા જ નથી.

કહ્યું'તું ને ૭૨ની સાલમાં, પ્રશ્ન ઉઠ્યો'તો. મોટો પ્રશ્ન ઉઠ્યો'તો કે ભગવાને દીઠા તેટલા ભવ થાશે, તેથી આપણે શું કરીએ ? કીધું ભગવાન એક સમયનું જ્ઞાન ત્રણકાળ ત્રણલોકને જાણે એવી એક જ પર્યાય, અનંતી બીજી પર્યાય જુદી રહી. એક સમયની એક પર્યાય, એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



ગુણની એક પર્યાય આહાહા.... લોકાલોકને જાણે, પોતાના દ્રવ્યગુણ પૂરણને જાણે એવી પર્યાયની સત્તાનો સ્વીકાર જેને છે, એને ભગવાને દીઠું, એનો એને નિર્ણય સાચો છે. એને સત્તાનો સ્વીકાર થયો, એને સર્વજ્ઞ સત્તા મારી છે. એનો સ્વીકાર થયો એને ભવ હોઈ શકે નહીં. ભગવાને એના ભવ દીઠા નથી. '૭૨માં કહ્યું'તું, ભગવાને ભવ દીઠા જ નથી. ભગવાન જેને બેઠા, ભગવાન આ જગતમાં છે એક સમયની સ્થિતિની સત્તાવાળાને એક સમયમાં ત્રણકાળને ત્રણલોકને જાણે એવું સત્વ આ જગતમાં છે આહાહા.... એનો જેને સ્વીકાર છે, ભગવાને એને ભવ દીઠા નથી, કીધુ. એને એકાદ બે ભવ હોય તો જ્ઞાન તરીકે જ્ઞેય તરીકે છે, છૂટે છૂટકો ભગવાને દીઠું એ તો આમ કહ્યું ને ''જે જે દેખી વીતરાગને, તે તે હોશી વીરા રે...'' પણ કોને ? જેને ભગવાનની પ્રતીતી થઈ છે તેને. જે જે વીતરાગ દેખે.

જે જે દેખી વીતરાગે, તે તે હોશી વીરા, પણ વીતરાગ છે જગતમાં. એણે દીઠું પછી પ્રશ્ન ? વીતરાગનું અસ્તિત્ત્વ જગતમાં છે એક સમયનું વીતરાગનું અસ્તિત્ત્વ આહાહા.... પૂરણ વીતરાગતા જગતમાં છે. એક સમયની પર્યાય પૂરણ છે. એવી સત્તાનો જેને સ્વીકાર છે, તેને ભગવાને ભવ દીઠા નથી. ભગવાને તેને ભગવાન થવાનું દીઠું છે. એ તો અલ્પકાળમાં જ ભગવાન થવાનો છે... આહાહા....

આવી વાત છે ! આહાહા.... (આજે બપોરે શેનો રસ પાયો છે ગુરુદેવને એમ પૂછે છે..) એ લાવે છે કાંઈક.. આહાહા.... આસન્નભવ્યજીવને. આહાહા.... આસન્ન, અતિઆસન્ન ભવ્ય, પાછું ભવ્ય આસન્ન ને અતિઆસન્ન આહાહા.... અતિ આસન્નભવ્યજીવને આ પરમભાવ સદા નિરંજનપણાને લીધે આહાહા.... તે પરમભાવ નિરંજન છે. અંજનની ગંધ નથી જેમાં, રાગની ગંધ નથી. ઉદયને સ્પર્શતો નથી એવો જે પરમ સ્વભાવ ભાવ પરમાત્મા પડ્યો છે. આહાહા.... તે પરમાત્મા થવાને લાયક છે. પરમાત્મા થવાને લાયક નથી એ વાત અહીંયા સાંભળવા જેવી નથી. આહાહા.... એમ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



એથી શ્રીમદ્દે કહ્યું ને દિગંબરના તીવ્રવચનો, તીવ્રવચનો એના, સંતોના તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે કે આ શું કહેવા માંગે છે, અંદરથી,ઉઠ્યો'તો એવો શબ્દ છે ને શ્વેતાંબરની મોળાશને લઈને વીપરીતતા ને લઈને રસ ઠંડાતો ગયો. આ તો પોકાર છે તીવ્રવચનનો કે અતિ આસન્ન ભવ્ય જીવને આ પરમભાવ સદા નિરંજનપણાને લીધે સદા નિરંજનપણે નિરંજનપણાને લીધે, એટલે નિરંજનપણે 'ભાસ્યો' હોવાને લીધે, નિરંજનપણું છે. પણ 'છે' એવું 'ભાસ્યા' વિના 'છે' એવું ક્યાંથી આવ્યું ? જ્ઞાનમાં 'જ્ઞેય' 'ભાસ્યા' વિના આ 'છે' એવું આવ્યું ક્યાંથી ? આહાહા....

ગજબ ટીકા કરી છે 'પદ્મપ્રભમલધારી દેવ' છે મુનિ છે, આચાર્ય નથી. મુનિ તો તીર્થંકર થવાના એવું મનમાં આવ્યું છે. એવો ધ્વનિ લાગે છે તીર્થંકર થવાના, તીર્થંકર થઈને મોક્ષ જશે. આહાહા.... ઈ બતાવ્યું'તું નહીં.. એક ફેર અંદર, સર્વજ્ઞની વાત આવી ત્યાં સર્વજ્ઞપણું ન મૂક્યું ને તીર્થંકરપણું મૂક્યું, એ બતાવ્યું'તું, ભાઈ હિંમતભાઈ, સર્વજ્ઞની વ્યાખ્યા આવી છે જ્યાં, ત્યાં સર્વજ્ઞપણું ન મૂકતાં તીર્થંકરને મૂક્યા છે. તીર્થંકર આવા અત્યારે સર્વ ભાવવાળા છે. એના ધ્વનિના, મગજમાં એમ આવતું'તું કે આ તીર્થંકર થવાના છે સમજાણું કાંઈ ? આહાહા.... છે ને ક્યાંક જુઓ *(૨૧૨ પાનું ? ૨૧૨ કળશ, ૨૫૯ પાનું)* આવ્યું, જો... ઈ આવ્યું.. જોયું.. દ્રષ્ટિની વાત કરે છે, જે શુદ્ધદ્રષ્ટિવંત જીવ એમ સમજે છે કે પરમ મુનિને તપમાં, નિયમમાં, સંયમમાં, સત્ચારિત્રમાં.

સદા આત્મા ઊર્ધ્વ રહે છે દરેક કાર્યમાં નિરંતર શુદ્ધાત્મદ્રવ્ય જ મુખ્ય રહે છે, તો એમ સિદ્ધ થયું કે રાગના નાશને લીધે અભિરામ એવાં જે ભવભયહર, સર્વજ્ઞ ન લીધા, પણ ભવભયહર ભાવિ તીર્થાધિનાથ, છે... નહીંતર સર્વજ્ઞને ન્યાં લેવા જોઈએ. ભાવિ સર્વજ્ઞ ન લીધા, પણ તીર્થાધિનાથ સર્વજ્ઞ લીધા છે, તે પોતાનો ધ્વનિ છે અંદરનો આહાહા.... છે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



ચંદુભાઈ, અભિરામ એવા ભવભયહર, સર્વજ્ઞ જોઈએ ત્યાં શબ્દ આહાહા.... ભાવિ તીર્થાધિનાથ ને આ સાક્ષાત્ સહજ-સમતા ચોક્કસ છે. સર્વજ્ઞ શબ્દ ન વાપરતાં ભાવિ તીર્થાધિનાથ વાપર્યો છે શબ્દ, અંદર ઈ પોતાનો અંતરનો ધ્વનિ છે આહાહા....

દિગંબર મુનિઓની તો બલિહારી છે. આહાહા.... સાક્ષાત્ તીર્થંકરના કામ કરે છે એ આહાહા.... એની વાણીને એના ભાવ તીર્થંકરની હાજરી બતાવે છે. આહાહા.... કહે છે કે અતિ આસન્નભવ્ય નિરંજનપણાને લીધે. નિરંજનપણાને લીધે એનો અર્થ નિરંજનપણાને પ્રતિભાસ્યો હોવાને લીધે. એ ભલે નિરંજન ‘છે’, પણ ‘છે’ એવું ‘પ્રતિભાસ વિના’ નિરંજન ‘છે’ એમ ક્યાંથી આવ્યું ? શું કીધું ઈ ? ભગવાન આત્મા નિરંજન છે શુદ્ધ ચૈતન્યમૂર્તિ પણ એ ભાસ્યા વિના, જ્ઞાનમાં એ ભાસ્યા વિના આ પરમ નિરંજન છે, એમ ક્યાંથી આવ્યું ? ભાસ્યું ત્યારે એમ લાગ્યું કે આ પરમ નિરંજન છે આહાહા.... એમાં પણ પરમ નિરંજન નાથને ભાસ્યો છે. ઈ ‘છે’ એટલું એમ નહીં. એ પરમ સ્વભાવ ભાવ નિરંજન ‘છે’ એમ નહીં. એ ‘છે’ એવો ભાસ્યો છે, માટે ‘છે’. ‘ભાસ્યા વિના’ ‘છે’ એમ એને ક્યાંથી આવે ? આહાહા.... સમજાણું કાંઈ ?

સદા નિરંજનપણે પ્રતિભાસ્યો હોવાને લીધે, પ્રતિભાસ્યો એટલે જ્ઞાનની પર્યાયમાં ભાસ્યો હોવાને લીધે આહાહા.... સફળ થયો છે. કે નિરંજન ‘છે’ પણ પ્રતિભાસ્યો છે તેથી સફળ થયો છે. પ્રતિભાસ થાય નહીં ત્યાં ‘છે’ એ સફળ ક્યાં થયું ? શું કીધું ? સદા નિરંજન છે ભગવાન પણ ભાસ્યા વિના જ્ઞાનમાં ભાસ્યા વિના આ પ્રતિભાસ સદા નિરંજન છે એમ જાણે કોણ ? જાણ્યું કોણે ? એ પ્રતિભાસ્યો છે એણે જાણ્યું છે એ કહે છે કે આહાહા.... એને સદા નિરંજન જે ભાવ પ્રતિભાસ્યો છે માટે તે નિરંજનભાવ સફળ થયો છે. નિરંજન ભાવ છે તો ખરો. પણ આસન્નભવ્યજીવને સફળ થયો છે આહાહા.... પર્યાયમાં,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



દ્રષ્ટિમાં ભાસ્યો છે. એથી તે 'છે' તે ભાસ્યો છે, એથી તેને તે સફળ થયો છે. 'છે' તેવું ભાન થઈ ગયું છે, 'છે' તેવી પ્રતીતીને જ્ઞાનમાં જ્ઞેય આવી ગયું છે. આખો પરમાત્મા જ્ઞાનની પર્યાયમાં આવ્યો છે ખ્યાલમાં.

પર્યાયમાં દ્રવ્ય આવતું નથી, પણ પ્રતિભાસ છે, છે ને ? પ્રતિભાસ્યો છે. પર્યાયમાં આખો નિરંજન, નિરાકાર ભગવાન પ્રતિભાસ્યો છે તેથી તે સફળ થયો છે. નિરંજન 'સદા છે' પણ પ્રતિભાસ્યો માટે સફળ થયો છે. પ્રતિભાસ વિના આ 'છે' એટલે શું ? આહાહા.... જો આ એવી વાત છે. આહાહા.... સદા નિરંજનપણાને લીધે સફળ થયો છે, સફળ થયો છે એનો એટલો અર્થ કાઢ્યો સદા નિરંજનપણું છે, એવું ભાસ્યું છે, તેથી સફળ થયું છે. સમજાય છે કાંઈ ? આહાહા....

ત્રિલોકનાથ સર્વજ્ઞ સ્વભાવી પ્રભુ નિરંજન નિરાકાર હોવા છતાં પ્રતિભાસ્યો ત્યારે તેને 'હોવું છે' એમ બેઠું, તેથી તેને સફળ થયું છે. પ્રતિભાસ્યો છે તેથી તેને સફળ થયો છે. પ્રતિભાસતો નથી એનું સફળ ક્યાંથી થાય... આહાહા.... તેના જ્ઞાનમાં પૂરણ સ્વરૂપ છે એવો ભાસ થયો ને ભાન થયું છે તેને તે સદાનિરંજનપણું તે સફળ છે. તેનું ફળ તેને આવ્યું, સફળ છે. જેને એ માનવામાં આવ્યું નથી, અનુભવમાં આવ્યું નથી, દ્રષ્ટિમાં આવ્યું નથી, જ્ઞેય તરીકે જ્ઞાનમાં જણાણું નથી એને તો સફળ નથી. આહાહા.... પણ જેવડું એ જ્ઞેય છે, તેવડું જ્ઞાનમાં આવ્યું છે. તેથી તે સદા નિરંજનપણું સફળ થઈ ગયું છે આહાહા....

ગજબ વાત કરી છે ને. આહાહા.... જેથી આ પરમ પંચમ ભાવ વડે અતિ આસન્નભવ્યજીવને નિશ્ચય પરમ આલોચનાના ભેદરૂપે ઉત્પન્ન થતું 'આલુંછન' નામ સિદ્ધ થાય છે. ઓલું, પ્રતિભાસ્યો છે માટે આલોચન સિદ્ધ થાય છે આહાહા....

જ્ઞાનમાં, ત્રિકાળી નિરંજન સદા પ્રતિભાસ્યો એટલે જ્ઞાનમાં ભાસ્યો છે. પર્યાયમાં પ્રતિભાસ્યો 'છે તેવો ભાસ્યો' પ્રતિભાસ થયો છે. તેથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



તે તેનું સફળપણું થયું છે. સફળપણું થયું છે તેથી તે પરમ આલોચનાના ભેદરૂપે પૂરતું આલુંછન એને સિદ્ધ થાય છે. એ સફળપણું થયું તે જ આલુંછન છે, એ આલોચન છે. આહાહા.... કારણ કે પરમભાવ સમસ્ત કર્મરૂપી વિષમ વિષ વૃક્ષના વિશાળ મૂળને ઉખેડી નાંખવા સમર્થ છે. એટલે કે એનામાં છે નહીં. પરમભાવ સમસ્ત કર્મરૂપી વિષમ વિષ વૃક્ષને વિશાળ મૂળને ઉખેડી નાંખવા સમર્થ એટલે કે એનામાં એ છે જ નહીં. સફળ થયો છે. એનામાં એ છે જ નહીં એટલે ઉખેડી નાંખ્યું એમ અમે વ્યવહારથી કહેવામાં આવે છે. વિશેષ કહેશું...

**- પ્રમાણ વચન ગુરુદેવ !**

❀ પ્રથમ વિચારમાં નિરાવલંબીપણે ચાલવું જોઈએ. કોઈના આધાર વિના જ અદ્ધરથી જ ચાલે કે હું આવો છું... ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વરૂપ છું... વિગેરે. તે વિચારો ચાલતાં ચાલતાં એવો રસ આવે કે બહારમાં આવવું ગોઠે નહિ. હજુ છે તો વિકલ્પ, પણ એમ જ લાગે કે આ હું... આ હું...એમ ઘોલન ચાલતાં ચાલતાં એ વિકલ્પો પણ છૂટી જાય, પછી તો સહજ થઈ જાય...સ્વાધ્યાય વખતે પણ આનું આ જ લક્ષ ચાલ્યા કરતું હોય, આ દ્રવ્ય, આ ગુણ, આ પર્યાય... આ વિચારો ચાલતાં આખા જગતના બીજા વિકલ્પો છૂટી ગયા હોય છે. શાસ્ત્રોના શબ્દો વિના હૈયા-ઉકેલ થઈ જવો જોઈએ. ઉપાડ મૂળમાંથી આવવો જોઈએ. બીજું ઓછું સમજાતું હોય તેનું કાંઈ નહીં... અન્ય સર્વ વિકલ્પો છૂટી જાય અને અદ્ધરથી આત્મા સંબધી જ વિચારો ચાલ્યા કરે અને વળગ્યા જ રહે. આખી સત્તાનું જ્ઞાનમાં ઘોલન ચાલે છે. પ્રયોગ તો એણે જ કરવો પડે છે... વિશ્વાસ આવવો જોઈએ... બીજી બીજી ચિંતાઓ હોય તો આ ક્યાંથી ચાલે ? ...આનો અભ્યાસ વારંવાર જોઈએ. - **પૂજ્ય ગુરુદેવ** *(દ્રવ્યદ્રષ્ટિ જિનેશ્વર)*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



શ્રી વીતરાગાય નમઃ

# અષ્ટપાહુડ, બોધપાહુડ

## ગાથા ૧૦-૧૧-૧૨-૧૩

આ અષ્ટપાહુડ, બોધપાહુડની વ્યાખ્યા છે. (જી, હાં) જિનપ્રતિમાનું કથન છે. સાચી જિન પ્રતિમા કોને કહેવી ? જૈન મારગમાં વીતરાગ દેવે જિન પ્રતિમા આને કહી છે (બરાબર, કંઈ નયથી ?) ઈ સાચી નયથી. આ પ્રતિમા છે એ તો વ્યવહાર છે મંદિર આદિ પ્રતિમા એ તો વ્યવહાર છે આવો નિશ્ચય હોય ત્યારે વિકલ્પ ઉઠે, ત્યારે લક્ષ ત્યાં જાય એટલું... (બરાબર) સમજાણું કાંઈ? (બરાબર) જિન પ્રતિમાનું નિરૂપણ.

सपरा जंगमदेहा दंसणणाणेण सुद्धचरणाणं ।
णिग्गंथवीयराया जिणमग्गे एरिसा पडिमा ।।१०।।

जं चरदि सुद्धचरणं, जाणइ पिच्छेइ सुद्धसम्मत्तं ।
सा होई वंदणीया णिग्गंथा संजदा पडिमा ।।११।।

दंसणअणंतणाणं अणंतवीरिय अणंतसुक्खा य ।
सासयसुक्ख अदेहा मुक्का कम्मट्ठबंधेहिं ।।१२।।

निरुवममचलमखोहा णिम्मिविया जंगमेण रूवेण ।
सिद्धट्ठाणम्मि ठिया वोसरपडिमा धुवा सिद्धा ।।१३।।

દગ-જ્ઞાન-નિર્મળ ચરણધરની ભિન્ન જંગમ કાય જે,
નિર્ગ્રંથ ને વીતરાગ, તે પ્રતિમા કહી જિનશાસને. ૧૦

જાણે-જુએ નિર્મળ [1]સુદગ સહ, ચરણ નિર્મળ આચરે,
તે વંદનીય નિર્ગ્રંથ-સંયતરૂપ પ્રતિમા જાણજે. ૧૧

[2]નિઃસીમ દર્શન-જ્ઞાન ને સુખ-વીર્ય વર્તે જેમને,
શાશ્વતસુખી, અશરીરને કર્માષ્ટબંધવિમુક્ત જે. ૧૨

અક્ષોભ-નિરુપમ-અચલ-ધ્રુવ, ઉત્પન્ન જંગમ રૂપથી,
તે સિદ્ધ સિદ્ધિસ્થાનસ્થિત, [3]વ્યુત્સર્ગપ્રતિમા જાણવી. ૧૩

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



આચાર્ય પોતે જિન મારગમાં આને પ્રતિમા કહીએ (બરાબર) વીતરાગી આત્માની પર્યાય, રાગ ને પુણ્યના વિકલ્પથી ભિન્ન જેવું ચૈતન્યનું સ્વરૂપ રાગથી ભિન્ન છે એવું ભાન અને એમાં સંયમની સ્થિરતા, (બરાબર) વીતરાગતા એવા આત્માને જિન પ્રતિમા કહેવાય છે. (સત્ય કૃપાનાથ) એય શોભાલાલજી... એકલી આ જિન પ્રતિમા ને દેરાસર ને મંદિર ને ભક્તિ ને પૂજા કરે ને માને કે અમને ધરમ થઈ ગયો. (એ તો મનોભાવના છે) આ તો માનસિક કલ્પના આવે ત્યારે એ વાત છે. આત્મિકમાં એ વાત નથી (જી-હાઁ) સમજાણું કાંઈ? (જી-પ્રભુ) એ સ્વરૂપચંદભાઈ તત્ત્વાર્થસારમાં એ છે. માનસિક વિકલ્પ ઉઠે છે ત્યાં સુધી એને સ્થાપના નિક્ષેપ ઉપર લક્ષ જાય. શુભભાવ હોય એટલું. આત્મિક ભાવનામાં એનો અવકાશ નથી (બરાબર) સમજાણું કાંઈ?

‘‘ભગવાન આત્મા દર્શન જ્ઞાન કરી શુદ્ધ નિર્મળ અને ચારિત્ર જીનકે તિનકે સ્વપરા.’’ જેને અંતરમાં દર્શન સમ્યક્ અનુભવ છે અને જેને સ્વનું જ્ઞાન છે સ્વસંવેદન અને સ્વમાં લીનતા છે. (બરાબર) સમજાય છે કાંઈ? (બરાબર) એવું જે સંયમી મુનિ અને ધર્માત્મા એને અહીંયા જિન પ્રતિમા કહી છે. (બરાબર) જિન માર્ગમાં એને જિન પ્રતિમા કીધી છે. ઓલું વળી ક્યાં ગયું ? જીન મારગ બહાર હશે ? એ જિન મારગ જ નથી, ખરેખર ઈ તો વ્યવહાર મારગ છે, રાગ મારગ છે. વ્યવહાર જિન મારગ છે, નિશ્ચય જિન મારગ (નથી) આહાહા... સમજાણું કાંઈ ? (બરાબર)

વસ્તુ એવી છે જરી... અપની અને પરકી ચાલતી દેહ જિન મારગ વિશે જંગમ પ્રતિમા હૈ (બરાબર) ગુરુ અને શિષ્ય બેયની જિન પ્રતિમા કીધી અહીં તો (બરાબર) શિષ્ય પણ એવો હોય છે જે વિકલ્પ રહિત શ્રદ્ધા, જ્ઞાન અને સંયમવાળો છે. એવો શિષ્ય અને પોતે ગુરુ બેયની દેહ, જંગમદેહ એને જિન પ્રતિમા કહેવાય. (બરાબર) સમજાણું કાંઈ? કહો. પહેલાં પ્રતિમા માનતાં ન હતાં, પાછું વળી આવું નીકળ્યું આહાહા... (જે માને છે એ મર્યાદિત માનો છો ને) આહાહા... ખરેખર તો ઈ વ્યવહાર વિકલ્પ છે ઈ પરદ્રવ્ય છે, ઈ વસ્તુ જ પરદ્રવ્ય છે (બરાબર)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



સ્વદ્રવ્યને આશ્રયે દ્રષ્ટિજ્ઞાન ને સ્થિરતા એ સ્વદ્રવ્યને ઈ જૈન મારગ છે. (સત્ય કૃપાનાથ) પંડિતજી આહાહા... એવો મારગ છે (સત્યવાત)

કાલે રાતે કહ્યું'તું એક વાત કે પર દ્રવ્યનો કર્તા આત્મા કેમ નથી? જેની સત્તા ભિન્ન છે એ ભિન્ન સત્તા પરનું કરી શકે નહીં... (નહીં) સમજાણું કાંઈ ? (બરાબર) ભિન્ન સત્તાવાન પદાર્થ છે ને. ચૈતન્ય અને જડ આદિ (બરાબર) એ ચૈતન્યને ચૈતન્ય લીધું. ભિન્ન સત્તાવાન પદાર્થ, ભિન્ન સત્તાનું કરે એમ બને નહીં. એકવાત, (જી) સમજાણું ?

બીજી વાત .... આસ્રવ તત્ત્વ છે ને સ્વભાવ તત્ત્વ છે તે ભિન્ન તત્ત્વ છે, (બરાબર) દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામ ઉઠે છે રાગ, એ પરતત્ત્વ છે. સ્વભાવ તે ચૈતન્યતત્ત્વ છે (બરાબર) એટલે સ્વભાવ ચૈતન્યતત્ત્વ અને વિભાવ આસ્રવ પરતત્ત્વ એટલે પરસત્તા એટલે સ્વભાવની દ્રષ્ટિની અપેક્ષાએ આસ્રવ પર સત્તા એટલે આસ્રવનો કર્તા સ્વભાવ દ્રષ્ટિવંત નથી. (નથી, નથી) સમજાણું કાંઈ? (બરાબર) આહાહા... જેમ સ્વ ને પરદ્રવ્ય પર સત્તા છે ઈ સ્થૂળ પરસત્તા થઈ. એથી, એક સત્તા બીજી સત્તાનું કાંઈ કરે એમ નહીં. એમ ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવ સત્તાવાન પદાર્થ છે. (બરાબર) અને આસ્રવ છે ઈ ભિન્ન સત્તાવાળી ચીજ છે. એથી બે પદાર્થની વચ્ચેમાં સ્વભાવદ્રષ્ટિવંત પરસત્તાવાળા આસ્રવ દયા દાન વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એનો ઈ કર્તા નથી. (બરાબર) સમજાણું કાંઈ ? (બરાબર) ઝીણી વાતું ભાઈ...

ત્રીજી વાત, આગળ લઈએ તો દ્રવ્ય ને પર્યાય બે સત્તા ભિન્ન છે. (બરાબર) જેમ પરસત્તા ભિન્ન છે, આસ્રવ સત્તા ભિન્ન છે માટે કર્તા નહીં, એમ એક દ્રવ્ય ત્રિકાળી, એક સમયની નિર્મળ વીતરાગી પર્યાય (બરાબર) એ બે સત્તા ભિન્ન છે માટે દ્રવ્ય, પર્યાયનો કર્તા નથી. (બરાબર) વીતરાગી પર્યાયનો પણ આત્મા કર્તા નથી આહાહા... એય સ્વરૂપચંદભાઈ, આવું સ્વરૂપ છે. (સત્યવાત) જિન સત્તાના ત્રણ પ્રકાર પાડ્યા. રાત્રે કહ્યું હતું. સમજાણું કાંઈ ? (બરાબર) આહાહા...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



આવી વસ્તુ છે. એને શ્રદ્ધા ને જ્ઞાનમાંય ન લ્યે અને ઝઘડાં, ઝઘડાં ઝઘડાં, બહારમાં, આ મૂર્તિ હોય છે, હોય એના ઘરે... એ તો પરદ્રવ્ય છે. આ એના તરફનો વિકલ્પ ઉઠ્યો ઈ પરદ્રવ્ય છે (જી પ્રભુ) સ્વદ્રવ્ય નહીં. (બરાબર) એથી તે પરદ્રવ્યનો કર્તા સ્વદ્રવ્યની શ્રદ્ધાવાળો નથી. (નથી, નથી, નાથ) અને આગળ જતાં દ્રવ્યને પર્યાય બે સત્તા સિદ્ધ કરવી છે, ભિન્ન, (બરાબર) ભિન્ન સત્તા છે એ બેય (જીહઁા - સાત દ્રવ્ય છે?) છે... ભલે જે હોય ઈ (જે હોય ઈ) પણ દ્રવ્યને પર્યાય બે સત્તા ભિન્ન છે. સામાન્ય સત્તા અને વિશેષ સત્તા પર્યાય બે ભિન્ન છે. એ અપેક્ષાએ ભિન્ન માટે ભિન્ન દ્રવ્ય, પર્યાયનો કર્તા છે નહીં (બરાબર)

મોક્ષમાર્ગની પર્યાયનો કર્તા દ્રવ્ય નથી. (બરાબર) એય.. ઈ ગાથા આવશે આપણે એ ત્રણસો વીસમી ચાલશે એ તો માણસો ભેગા થાયને ત્યારે આહાહા... સમજાણું કાંઈ ? હિન્દી, હિન્દી (જીહઁા) આ હિન્દી લોકો આવશે ને ત્રણસો વીસમી, જયસેન આચાર્યની ટીકા, બહુ સૂક્ષ્મ વિષય ઘણો, ઈ ચાલશે, આમ ઝાઝા માણસો આવે ને ત્યારે સાંભળે. પાના છપાણા છે પંદરસો (જીહઁા) ત્રણસો વીસમી, જયસેન આચાર્યની ટીકા સૂક્ષ્મ.

એ આત્મા, મોક્ષનો મારગ ને મોક્ષની પર્યાયથી પણ ભિન્ન છે. (બરાબર) મોક્ષની પર્યાયનો કર્તા આત્મા નહીં, ધ્રુવ નહીં... (બરાબર) આવી વાત... (સત્ય વાત) કેમકે કર્તા હોય તો બે એક થઈ જાય છે. જેમ એક સત્તાવાળું દ્રવ્ય બીજા સત્તાવાળાને કાંઈ કરે તો બે એક થઈ જાય છે. (બરાબર) એ વિનોદભાઈ, જરી રાતે થોડી વાત કરી'તી, આ બહેનોને પણ થોડો ખ્યાલ આવે ને ભાઈ... (જીહઁા) ભગવાન આત્માની સત્તા સ્વભાવની અને વિભાવની બે સત્તા જ ભિન્ન છે. (બરાબર) બે હોવાપણે ભિન્ન છે, એટલે હોવાપણે ભિન્ન એ સ્વભાવ, તે વિભાવ ને કેમ કરે ? (બરાબર) સ્વભાવની પર્યાય તે વિભાવને કેમ કરે ? (બરાબર) શું કીધું સમજાણું ? (જીહઁા) સ્વભાવનું દ્રવ્ય એકકોર રાખો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



આહા... સ્વભાવિક પર્યાય જે છે, જરી સૂક્ષ્મ પડે, પણ સાંભળવું... સમજાય છે કાંઈ ? (બરાબર)

જે આત્મા વસ્તુ સ્વભાવ દ્રવ્ય, ગુણને પર્યાય, ઈ નિર્મળ સ્વભાવ તે આત્મા વસ્તુ, હવે પુણ્યને પાપના વિકલ્પ જે વિકાર દોષરૂપ ભાવ (જીહૉં) એની સત્તા જ ભિન્ન છે. (બરાબર) સમજાણું કાંઈ ? (બરાબર) એય, ઝીણું તો આવે, એ ચિમનભાઈ એ મારગ તો વીતરાગનો છે. આ વીતરાગનો એટલે વીતરાગભાવનો (ભાવનો, બરાબર) અહાહા.... જે ભગવાન આત્મા, આસ્રવ સત્તાના હોવાપણાના ઉદય ભાવથી તો ભિન્ન છે વસ્તુ (બરાબર) ઉદયભાવ તો આસ્રવતત્ત્વ, ભાવબંધ તત્ત્વ છે અને સ્વભાવ છે જ્ઞાયકભાવ તે નિર્મળ અબંધતત્ત્વ છે. (બરાબર) અહાહા.... એ અબંધતત્ત્વ-ભાવબંધતત્ત્વ બે ભિન્ન છે માટે તેનો એ કર્તા (નથી) અને જો કર્તા થાય તો બે એક થઈ જાય છે. (જીહૉં પ્રભુ, સત્ય કૃપાનાથ !)

હવે ત્રીજી વાત અહાહા.... (જીહૉં) જે વીતરાગી પર્યાય થઈ તે કર્તા આસ્રવની નથી. (બરાબર) પણ વીતરાગી પર્યાયને વીતરાગી દ્રવ્ય ત્રિકાળ ઈ દ્રવ્ય વીતરાગી દ્રવ્ય છે (બરાબર) બેની સત્તાને ભિન્ન સિદ્ધ કરતાં એક સત્તા દ્રવ્યસત્તા, પર્યાયની કર્તા નથી (બરાબર) જો પર્યાયની કર્તા થઈ જાય તો દ્રવ્યને પર્યાય બે એક થઈ જાય છે. (જીહૉં પ્રભુ) હૈં (શ્રોતા : એકબીજા આલીંગન કરે છે) આલીંગન કરતાં જ નથી, અડતાં જ નથી એમ કહે છે આંહી... અહાહા....

સ્વભાવની પર્યાય, વિભાવ, દોષના પર્યાયને અડતી જ નથી. (બરાબર) બહુ સૂક્ષ્મ... અહાહા.... સમજાણું કાંઈ ? (બરાબર) પોપટભાઈ રાતે કહ્યું'તું - તમે મોડા આવ્યા'તાં. ભાઈ, મોડા આવ્યા'તાં જરીક. ઈ વાત પહેલી થઈ ગઈ. સમજાણું કાંઈ ? (બરાબર) આ વાત છે.

વસ્તુ પોતે જે છે, છોકરાને પૂછ્યું'તું, કીધું કે, એલા પરનું ન કરે એનું કારણ કે ક્રિયાવર્તી શક્તિ છે માટે એમાં પણ...ઈ કઈ... છોકરાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



ઓલા સાંજે આવ્યાને જરીક, આ ક્રિયાવર્તી શિખવ્યું છે ને સહુને. અગુરુલઘુ, એનો પર્યાય પરમાં જાય નહીં માટે.. એમ કે..

છતાં એનો મૂળ સિદ્ધાંત તો એ છે કે જેવું હોવાપણું ભિન્ન હોય એને બીજું હોવાપણું કંઈ અડતું નથી, અડતું નથી માટે કર્તા નથી. આહાહા. સમજાણું કાંઈ? એટલે ત્રણ સત્તા ભિન્ન થઈ, એક આખી બીજી ચીજ ભિન્ન અને દ્રવ્ય ભિન્ન માટે પરનો કર્તા નહીં, એક સ્વભાવિક વસ્તુ ને એની નિર્મળ પર્યાય, એનાથી આસ્રવપર્યાય તદ્દન ભિન્ન પરદ્રવ્ય, ઉદયભાવ પરદ્રવ્ય, માટે પરદ્રવ્યનુ સ્વદ્રવ્ય એની નિર્મળ પર્યાય પણ પરદ્રવ્યને કરે નહીં, આસ્રવને કરે જ નહીં.. સમજાણું કાંઈ? (યહીં વીતરાગકા ભેદજ્ઞાન હૈ) આ વાત છે.

એ વ્યવહારને જાણ્યા હુઆ પ્રયોજનવાન છે જે કીધું છે. એટલે કે એને જ્ઞાનની પર્યાય અલ્પ છે ને એને ઈ જાણે છે. એમાં દોષ સંબંધીનું જ્ઞાન દોષને લઈને નહીં, દોષ છે માટે નહીં. દોષ પરદ્રવ્ય છે. (બરાબર) એના જ્ઞાનની પર્યાયમાં સ્વ અને પરને જાણવાનો પોતાનો પર્યાયનો એક અસ્તિત્ત્વ એક છે. બે અસ્તિત્ત્વ નથી, (જી પ્રભુ, બરાબર) પરનું જાણવું અને સ્વને જાણવું એવા બે ભાગ નથી. બે છે ઈ એકરૂપ છે. (બરાબર) અહાહા.... સમજાણું કાંઈ ? (બરાબર) એવા અસ્તિત્ત્વની પર્યાયમાં આસ્રવની પર્યાય, જાણવામાં આવે એમ જે કહ્યું હતું બારમાં (સ.સાર ૧૨ મી ગાથામાં) પણ એથી વિશેષ તો એમ આવ્યુ કે 'જણાયો' એવો, એ જ્ઞેય, જ્ઞાનની પર્યાયમાં 'જણાઈ જાય છે, જાણવું એમ નથી.' (બરાબર) એ જ્ઞાનચંદજી, જરી ઝીણું પડશે, પણ હવે સાંભળો તો ખરા... અહાહા.... એવી વાત છે. (બરાબર)

એક વિરોધ કર્યો'તો હમણાં કે તમે જાણ્યા હુઆ કેમ લખ્યું આમાં કાંતિલાલ. કેમકે જણાય કે ભઈ, અમારે વધારે પસંદ છે. (અમારે કબુલ છે) કબુલ શું ? ઈ એમ જ છે. એ તો ભાઈ ઓલા જયચંદ પંડિતે, જાણ્યા હુઆ પ્રયોજનવાન બારમી ગાથામાં કહ્યું હતું. એ એમ થાય એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



એનો અર્થ ... એ તો જાણ્યા હુઆ, પણ એ જણાયો થકો, જણાઈ જાય છે એમ જણાય જાય છે એટલે સ્વ તરફની દ્રષ્ટિ છે ત્યાં એની પર્યાયમાં આ છે એમ જાણવું એ ત્યાં પડતું નથી. જાણવું પડે ક્યાં? એને જાણે છે એ તો અહાહા....

જેમ કેવળજ્ઞાનમાં લોકાલોકને જાણે છે ? જાણવું પડે છે ? ઈ જ્ઞાનની પર્યાય જ પોતાની એવી છે કે પર સંબંધીનું પોતાનું જ્ઞાન ને સ્વ સંબધીનું પોતાનું એને એકરૂપને પોતે જાણે છે. (બરાબર) સમજાણું કાંઈ ? (બરાબર) ભારે કામ ભાઈ!

પર્યાયને જાણવું એ પણ હજી વ્યવહાર છે (બરાબર) અહાહા.... સમજાણું કાંઈ ? (બરાબર) અને એ પર્યાય અને વીતરાગી પર્યાય અને દ્રવ્ય બેની સત્તા એક નથી. એક સામાન્ય સત્તા ધરમ છે. અને એક વિશેષ સત્તારૂપ ધરમ છે. (જીહઁા) બે એક સત્તાપણે નથી. બેયની સત્તા ભિન્ન છે. (બરાબર) માટે ભિન્ન સત્તા માટે દ્રવ્ય, પર્યાયની કર્તા નથી. મોક્ષ મારગની પર્યાયનો પણ દ્રવ્ય કર્તા નથી (નથી) મોક્ષની પર્યાયનો દ્રવ્ય કર્તા નથી (બરાબર) અહાહા.... ભારે કામ ભાઈ (સત્ય વાત) સમજાણું કાંઈ ? (બરાબર) એય નેમીચંદભાઈ, આ બધું સમજવા જેવું છે આ (બહુ સરસ) આંહી કહે છે (જી) મુનિ અંદર આત્માનું દર્શન આત્માનો સ્વ આશ્રય, પર આશ્રય જેટલો ભાવ છે એને તો પરદ્રવ્ય ગણીને આહીં પેલો જૈન મારગમાં ગણ્યો નથી. નિશ્ચય માર્ગમાં, પરમ સત્ય મારગમાં, વ્યવહારને ગણવામાં આવ્યો જ નથી. (બરાબર) સમજાણું કાંઈ ? અહાહા.... (બરાબર)

તેથી આચાર્ય શું કહે છે ? ''જીણ મગ્ગદે એરિસા પડિમા' જિન મારગમાં આવી પ્રતિમા કીધી છે (બરાબર) તિર્થંકરોએ અનંત કેવળીઓએ જિન મારગમાં સ્વરૂપની દ્રષ્ટિ, સ્વરૂપનું જ્ઞાન, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપની રમણતા સંયમવાળી એને જિન મારગમાં જિન પ્રતિમા તિર્થંકરોએ કહી છે. (બરાબર પ્રભુ !) એય... હૈં ! ઓલો વળી બીજો મારગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



ક્યાં ? એ જિન મારગ હશે? ઈ બીજો મારગ, ઈ જિન મારગ નિશ્ચય નહીં ઈ વ્યવહાર છે. ઈ જ્ઞાનમાં, જ્ઞાનની પર્યાય પોતાને જાણતાં ઈ છે એનું જાણવું પણ હારે પોતાને કારણે ઉત્પન્ન થઈ જાય છે. (બરાબર) એને ઈ જાણે છે. (વાહ રે વાહ) સમજાણું કાંઈ ? કેવળજ્ઞાની પોતાની પર્યાયને જાણે છે (બરાબર)

લોકાલોકને જાણવું તે અસદ્ભૂત વ્યવહારનયનું કથન છે. (બરાબર) એય ભાઈ ! (જી હાઁ, બરાબર) એમ સમ્યક્દ્રષ્ટિ પોતાની પર્યાયને જાણે છે ઈ બરાબર છે, સદ્ભૂત વ્યવહારનયે અહાહા.... પણ દોષને જાણે છે એ અસદ્ભૂત વ્યવહારનય છે. (બરાબર) સમજાણું કાંઈ ? (બરાબર) માર્ગ એવી ચીજ છે કોઈ. સમજાણું કાંઈ ? (બરાબર)

શ્રીમદ્દે કહ્યું છે કે :

*“નહીં તું દે ઉપદેશને, પ્રથમ લે ઉપદેશ*
*સબસે ન્યારા આગમ હૈ “વો જ્ઞાનીકા દેશ”*

એય... (જીહાઁ... કઈ નયથી છે એ જાણવું તો પડે ને ?) જાણવાની તો વાત કીધીને એના હારું, કહેવાય તો છે, આ તો બોધપાહુડ છે ને આવી પ્રતિમાને જાણ એમ છે આંહી પાઠ (બરાબર) બોધનો અર્થ જિન છે (જી, હાઁ) આવી પ્રતિમાને જાણ એમ કહે છે આહીં (બરાબર) ઓલી પ્રતિમા કે ઈ તો વચ્ચે હોય, એનું જ્ઞાન પણ પોતાનું જ્ઞાન છે. (બરાબર) સમજાણું કાંઈ ? (બરાબર) એવી વાત છે જરી, કહે છે (જી) ‘દર્શનજ્ઞાન શુદ્ધ નિર્મળ ચારિત્ર જીનકે તિનકે સ્વપરા’ સ્વ-પરા, સ્વ નામ અપની અને પરનામ શિષ્યની બેયની વીતરાગ ભાવરૂપ આ પડીમા છે. તેને જિન પ્રતિમા જિન મારગમાં કહી છે. (બરાબર) કહો... આ બધું આ દેરાસરને, મંદિરને.... આ શું આ, બધો વ્યવહાર છે. અવસ્તુ છે. સ્વવસ્તુની અપેક્ષાએ અવસ્તુ છે. (બરાબર) સમજાણું કાંઈ? (જી, પ્રભુ) અહાહા.... જેમ સ્વદ્રવ્યની અપેક્ષાએ ભગવાન પરમાત્મા પોતે અવસ્તુ છે. (જી હાઁ) એમ દ્રવ્યના સ્વભાવની અપેક્ષાએ આસ્રવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



અવસ્તુ છે. (બરાબર) એમ દ્રવ્યની અપેક્ષાએ પર્યાય અવસ્તુ છે. (બરાબર) એય અહાહા.... પર્યાયની અપેક્ષાએ પર્યાય વસ્તુ છે. (જીહૉં) (બે નય આવ્યા) અહાહા.... એવું છે ભાઈ સમજાણું કાંઈ ? (બરાબર)

ભગવાન આત્મા અહીં તો ફક્ત સત્તાની ભિન્નતા તે ભિન્ન ને કરે નહી. એવી જે અંદર વીતરાગ પ્રતિમા ભાવ એને જૈન મારગમાં જિન પ્રતિમા કીધી. આહીં તો જિન મારગમાં એને કીધી, ઓલો વ્યવહાર ફવ્યવહાર ઈ જૈન મારગમાં નહીં, ઈ તો બહારની વાત થઈ ગઈ. એ (જૈન મારગ છે જ નહીં.) એ જૈન મારગ નથી. અરે, ભારે વાત. (સત્યવાત નાથ) ઔપચારીક વિકલ્પ છે (જીહૉં) જાણે, હોય છે ઈ (ઉપચાર છે) ઉપચાર છે. (ઉપચારનો નિષેધ કરે તો...) ઓલામાં આવ્યુ છે ને, આપણે આમાં આવ્યું છે ને કળશ ટીકામાં, પર્યાયનો કર્તા ઉપચાર છે. એમ (આવ્યુ) ખબર છે ? શરૂઆતમાં આવ્યું છે, ઉપચાર, પર્યાયનો કર્તા ઈ ઉપચાર છે એનો અર્થ જ ઈ, લખ્યું છે ઈ. (પરનો કર્તા તો પછી ક્યાંથી હોય ?) તો પરનો અહાહા.... છે ને... પેલામાં છે ને... શેમા કીધુ પરનો કર્તા તો ક્યાં રહ્યો પણ પર્યાયનો કર્તા ઉપચારથી છે. ઉપચાર કહો કે વ્યવહાર ક્હો અભૂતાર્થ છે. (જી) આરેરે.. આ ભારે વાત આવી. (સત્ય વાત ગુરુદેવ) અગમ પ્યાલા છે બાપુ આ માર્ગમાં (બરાબર) સમજાય છે કાંઈ ? (બરાબર, અગમ પ્યાલાને ગમ તો કરવુ પડશેને) ગમ કરવા સારું તો આ વાત ચાલે છે. આ અહાહા.... અગમને ગમ કર્યું જેણે અહાહા.... જુઓને આ બોધમાં લખેલું છે પહેલું આવું છે, આવુ છે, આવું છે, આવું છે, જિન પ્રતિમા એને તું જાણ. (બરાબર) જિન પ્રતિમા તો જે સમ્યક્દર્શન, જ્ઞાન અને ચારિત્ર સહિત છે તે જિન પ્રતિમા. (બરાબર) ઓલા સંભળાવનારને કહે છે કે આવું હોય તેને તું જિન પ્રતિમા જાણ (બરાબર, જીહૉં) સમજાણું કાંઈ ? (બરાબર) બહુ માળુ ઝીણું ઘણું...

''અગમ પ્યાલા... પીઓ મતવાલા, ચિન્હી અધ્યાત્મવાસા, આનંદઘનજી દેખે લોક તમાશા,'' (બરાબર) કહે છે (જીહૉં) આ એને નક્કી કરવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



પડશે (બરાબર) જેને ધરમ કરવો હોય એને આ જાતની વસ્તુ છે એવું એને જ્ઞાનમાં નક્કી કરવું પડશે (બરાબર) અપની ઔર પરકી ચાલતી દેહકે જિન માર્ગ વિષે જંગમ પ્રતિમા દેખો (જીહાઁ) પોતાનો આત્માનો જે આત્માની સાથે દેહ, ઓલો શિષ્યનો આત્માને દેહ, ચાલતો, ચાલતો ઈ જંગમ પ્રતિમા છે (બરાબર) જિન માર્ગમાં એને પ્રતિમા કીધી. અથવા સ્વપર કહીએ આત્મા તે પરસે ભિન્ન હૈ ઐસી દેહ સ્વરૂપ, દેહ દેખો (જીહાઁ) દેહને કહીયે નિર્ગ્રંથદશા છે ને દેહમાં. (બરાબર) એક વસ્ત્રનો તાણો ને ધાગો નહીં. નગ્નમુનિ તદ્દન, જેવી માતાએ જનમ્યા એવો દેહ-નિર્ગ્રંથ સ્વરૂપે ''જાકે કીછુ પરિગ્રહ કા લેશ નાહીં'' ઐસી દિગંબર મુદ્રા.(બરાબર) અહાહા.... એને પણ પ્રતિમા વ્યવહારે કહેવામાં આવે છે દેહને હો. અહાહા.... (જી) ઓલી નિશ્ચય (જીહાઁ) ''વીતરાગ સ્વરૂપ હૈ, જાકે કાહુ વસ્તુસો રાગ-દ્વેષ મોહ નાહી.'' વિકલ્પ જ જ્યાં વસ્તુમાં નથી, નિર્વિકલ્પ ચીજ છે, દ્રવ્યગુણને આખા પર્યાય પણ જેની નિર્વિકલ્પ છે. (બરાબર) એવા પ્રતિમાને જિન પ્રતિમા જૈન શાસનમાં સાચી જૈન પ્રતિમા એને કીધી છે. (બરાબર) કો સમજાણું કાંઈ ? (સત્યકૃપાળુનાથ) પછી ઓલો વ્યવહાર છે એમ જણાવશે, પણ તું ન્યાં એકલો માની બેસે કે આને લઈને ધરમ થાય ને આને લઈને મોક્ષ થાય ... ભગવાનની પ્રતિમા પૂજવાથી ને દેવાથી સંવર, નિર્જરા થાય એમાં એકે અંશમાં માલ (નથી) શોભાલાલજી (બરાબર) પણ વાંધા આ ઉઠ્યા ઓલા એ ધર્મ મનાવ્યો, ત્યારે ઓલાએ ઉડાડી દીધું (હાઁ બેય ખોટા) હૈં. (બેય ખોટા) બેય ખોટા.

કહ્યું'તુ બ્યાશીમાં કહ્યું'તું, સંપ્રદાયમાં હતા ત્યારે. આમા પરંતુ એટલી શ્રદ્ધા અમારા પર એટલે કોઈ શંકા ન કરે (જીહાઁ) ભરોસો ઘણોને અમારા ઉપર એટલે કહેતા હશે. મેં બ્યાસીમાં સંપ્રદાયમાં કહ્યું તું હોં. (હાઁ જી) નવ વર્ષ પહેલાં જુઓ કીધું ? સો રૂપિયા બે મિત્ર હતાં એકે સો રૂપિયા બીજાને આપેલા, સો રૂપિયા સમજોને, એક મિત્ર એ પોતાના મિત્રને સો રૂપિયા આપેલા બે મિત્રો. પછી એ મરી ગયા બેય. જેના બાપે આપેલા એણે જોયું કે મારા બાપે આનાં બાપને સો રૂપિયા આપેલા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



બે મીંડા ચડાવ્યા. મીંડા સમજોને શૂન્ય સો પર બે શૂન્ય ચડાવી દસ હજાર એને કહ્યું કે દસ હજાર તારા બાપને મારા બાપે આપ્યાં છે. માટે લાવ તમે પૈસાવાળા હમણાં થયા છો. ઓલે જોયું કે સો રૂપિયા તો લાગે છે, પણ કબુલ કરીશ તો દસ હજાર માંગશે. સોએ નથી, ઓલાએ બે મીંડા ચડાવ્યા, આણે કાઢી નાખ્યાં અહાહા....

એમ દેરાવાસીએ કીધું શ્વેતાંબરે (જીહઁ) ભગવાનની માથે મુદ્રાને આને, આને, ચઢાવીને મીંડા માયગા. બે, સ્થાનકવાસીએ જોયુ, મૂર્તિ તો છે શાસ્ત્રમાં, પણ જો કબુલ કરશું તો પાછું આ બધું માગે છે આ દસ હજાર, મૂર્તિ જ નથી, એકે કાઢી નાખીને, એકે ચઢાવી દીધાં જાઓ (જી પ્રભુ) શોભાલાલજી... અહાહા.... એવો શુભભાવ હોય છે. એ ભૂમિકાને યોગ્ય એ વખતે એનું એ શુભના અસંખ્ય પ્રકાર છે. (જીહઁ) એ પ્રકારનો શુભ હોય ત્યારે એનું લક્ષ ન્યાં જાય છે. દયાના પ્રકારનો શુભ લક્ષ હોય ત્યારે પરને ન મારૂં એવો વિકલ્પ થાય છે. અસંખ્ય પ્રકારના સહજ શુભભાવ હોય છે. (બરાબર) સમજાણું કાંઈ? એનો ઈ કર્તા નથી. (બરાબર) અહાહા.... જ્ઞાની શુભભાવનો કર્તા નથી (જીહઁ) જેમ કેવળજ્ઞાની લોકાલોકના કર્તા નથી. (બરાબર) પણ લોકાલોક છે ખરાં. એમ સમકિતી શુભભાવનો કર્તા નથી, પણ શુભભાવ છે ખરો. જેમ લોકાલોક છે એમ શુભ છે એટલું બસ. (બરાબર) પર તરીકે છે. (જીહઁ) અહાહા.... સમજાણું કાંઈ ? (બરાબર)

‘‘સમ્યક્દૃષ્ટિ તો વ્યવહાર સે મુક્ત હૈ.’’ વ્યવહાર એની પર્યાયમાં નથી. (નથી, નથી બરાબર) ગજબ વાત છે ને, આહાહા (બરાબર) વ્યવહાર પરદ્રવ્યમાં ગણી નાખ્યો છે. (બરાબર) સમજાણું કાંઈ ? (બરાબર) આહીં કહે છે, સ્વપર શિષ્ય એવી પ્રતિમા એની એને વીતરાગ સ્વરૂપ જાકે કાહું સમ નાહી એને પ્રતિમા કહી છે, કો... (જીહઁ) દર્શનજ્ઞાન કરી નિર્મળ ચારિત્ર જીનકે પાઈ હૈ, ઐસે મુનિન કી ગુરુ શિષ્ય અપેક્ષા અપની ને પરકી ચાલતી બે ખુલાસો કર્યો (બરાબર).

ઉપર જે સ્વપર હતું ને... (બરાબર) નિર્ગ્રંથ વીતરાગ મુદ્રા સ્વરૂપ હૈ (બરાબર) સો જિન મારગ વિશે પ્રતિમા હૈ. (બરાબર) વીતરાગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



મારગમાં તો આ પ્રતિમા કહી છે. સાચી, સત્ય, અહાહા.... ઉપચારી તરીકે નિક્ષેપમાં નાંખશે. શું કહે છે જુઓ, જિન પ્રતિમા, અન્ય કલ્પીત હૈ (કલ્પીત હૈ) અન્ય નામ બીજા કલ્પિત મારગ કહીને પ્રતિમા સ્થાપી છે એતો કલ્પીત છે. ઔર ધાતુ પાષાણ આદી કરીને દિગંબર મુદ્રા સ્વરૂપ પ્રતિમા કહીએ દેખો, ધાતુ પાષાણ આદી જે પરદ્રવ્ય છે એની આકૃતિની મૂર્તિ એને મૂર્તિ (કહીએ) એ વ્યવહાર હૈ. પણ તો ભી બાહ્ય પ્રકૃતિ ઐસી હોય સો વ્યવહાર મેં માન્ય હૈ, એટલે કયા કહે શું કહ્યું? (જીહાઁ) કે મુદ્રા જેવી દિગંબર છે એવી હોય તો વ્યવહાર માન્ય છે (બરાબર) એને કાંઈ વસ્ત્રને લગાડી દે, ને ટીલાં ટપકાં કરી દે, ને આ શું કહે છે સમજાણું, બાજુ, બંધ ને દાગીના ને (આંગી... આંગી... આંગી...) ઈ તો ઈ તો વ્યવહારેય નથી. (વ્યવહાર ભી નહીં.) આહાહા.... (બરાબર) સમજાય છે કાંઈ ? (બરાબર) જો છે એમાં? ધાતુ પાષાણ આદી કી દિગંબર મુદ્રા સ્વરૂપ પ્રતિમા કહીયે તો વ્યવહાર હૈ. હો.

લોકાલોક હૈ કેવલજ્ઞાન જાનતે હૈ અપની પર્યાય કો. પરકો જાનતે હૈ ઐસા કહેના અસદ્ભૂત વ્યવહારનય હૈ. (બરાબર) એમ જ્ઞાનીને રાગ હૈ. એમ કહેના વોભી અસદ્ભૂત વ્યવહાર છે. (બરાબર) જ્ઞાનીકો રાગ હૈ નહીં. હૈ હી નહીં (બરાબર) જ્ઞાની કો તો અપના ઔર પરકા જ્ઞાન અપને સ્વરૂપમેં અપને કારણ સે ઉત્પન્ન હુઆ હૈ (બરાબર) એ છે. કહે છે ધાતુ પાષાણ આદી દિગંબર મુદ્રા કો પ્રતિમા કહીયે. સો વ્યવહાર સો ભી બાહ્ય પ્રકૃતિ ઐસી હોય સો, ઐસી હોય, સો વ્યવહાર મેં માન્ય હૈ (બરાબર). આહાહા.... સમજાય છે કાંઈ ? (બરાબર) ભગવાન આ વીતરાગ મુદ્રા હતી પ્રભુની વીતરાગ પોતે હતાં ને... એવું વીતરાગપણું જ્યાં ધાતુમાં હોય સમજાણું કાંઈ ? ટીલું ટપકું કરે તો ઈ વીતરાગતા મુદ્રા ન રહી (જી હાઁ) હૈ (બરાબર) હૈ ? (રાગી થઈ ગયા) આહાહા.... સમજાણું કાંઈ ? આ પ્રતીમાને ટીલુ કરે એમ કહ્યું આંહી, એ પ્રતિમા વીતરાગની પ્રતિમા ન રહી. સમજાણું કાંઈ ? (બરાબર) તે કાંઈ વીતરાગ પ્રતિમા છે માટે આંહી શુભભાવ થાય છે એમ નથી. એ કાળે જ્યારે શુભભાવ હોય છે ત્યારે તેનું લક્ષ ત્યાં (જાય છે) એટલી મર્યાદા છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



એને દેખીને શુભભાવ થાય છે એમ નથી, એ તો પરવસ્તુ છે. પરને દેખીને શુભ કે અશુભ થાય એમ છે નહીં, સમજાણું કાંઈ? (બરાબર) કહે છે ધાતુ પાષાણ આદી કરી દિગંબર મુદ્રા સ્વરૂપ પ્રતિમા કહીએ એ તો વ્યવહાર હૈ, તો ભી બાહ્ય પ્રકૃતિ ઐસી હોય સો વ્યવહાર મેં માન્ય હૈ (બરાબર) બાહ્ય સ્વભાવ પ્રકૃતિ એટલે સમજાય છે ? (બરાબર) એવો જ એનો સ્વભાવ મુદ્રા, આમ ''જિન પ્રતિમા જિન સારખી વંદે બનારસીદાસ''

બનારસીદાસનું ....... રંચમાત્ર દૂષણ લગે તો ઈ વંદનીક નાંહી.

ટીલાં, ટપકાં કરે એને કેસર ચોપડે ને... વ્યવહારે હોય શકે નહીં. એવી વાત છે ભાઈ.

આ તો સત્તની વાત છે. આ કાંઈ કોઈ પક્ષની વાત નથી. બાહ્ય પ્રકૃતિ ઐસી હોય એમ કહી પ્રકૃતિ નામ જેવો એનો સ્વભાવ એવો એમ દેખાય તદ્દન મુદ્રા (જીહાઁ) શુભભાવમાં લક્ષ ત્યાં જાય એટલુ બસ. તે પણ સમકિતી તો શુભભાવથી પણ મુક્ત છે. (બરાબર) સમજાણું કાંઈ? કારણ કે એ તો આસ્રવ તત્ત્વ છે. આસ્રવથી તો ભિન્ન તત્ત્વ છે. ભિન્ન છે તે આસ્રવતત્ત્વનું પણ કર્તા (નથી) તો પ્રતિમાને મંદિર ને કરે એ તો એના શુભ વિકલ્પમાં પણ (નથી) ભારે વાતુ ભાઈ, સમજાણું કાંઈ? (જી, પ્રભુ) ક્યાં ગયા હીરાભાઈ, છેટે બેઠા (જીહાઁ).

આગે ફીર કહે, જુઓ, આ જિન પ્રતિમા (બરાબર) આહાહા.... અહીં પાઠમાં તો એ લીધું. જિન મગ્ગો સો પડિમા વીતરાગ માર્ગમાં તો વીતરાગી પડીમા અંદર એને જિન પ્રતિમા કીધી (છે) ઓલો તો વ્યવહાર છે. વ્યવહારનું જ્ઞાન કરાવે છે. જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન પોતાથી થઈ જાય છે. સમજાય છે કાંઈ ? (બરાબર) ઝીણી વાતુ બહુ ...

**જં ચરદિ શુદ્ધ ચરણં જાણઈ પિચ્છઈ શુદ્ધ સમ્મત્તં...**
**સા હોઈ વંદણીયા નિગ્રંથા સંજદા પડિમા (૧૧)**

જે શુદ્ધ આચરણ કો આચરે, શુદ્ધ આચરણ. સમ્યક્દર્શન જ્ઞાન ચારિત્ર ઈ શુદ્ધ આચરણ. વીતરાગી દ્રષ્ટિ, વીતરાગી જ્ઞાન ને વીતરાગી સ્થિરતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



(બરાબર) એને શુદ્ધ આચરણ કહેવામાં આવે છે (જી પ્રભુ) આહાહા.... સમજાણું કાંઈ ? (બરાબર) શુદ્ધ આચરણ કો આચરે બહુરી નામ વળી સમ્યક્જ્ઞાન કરી યથાર્થ વસ્તુકો જાણે, આચરે ને જેમ છે તેમ જાણે. વળી સમ્યક્દર્શન કરી અપને સ્વરૂપ કો દેખે (બરાબર) લ્યો, દેખે એટલે માનેઋ શુદ્ધ ચૈતન્ય વસ્તુ નિર્મળ, નિર્વિકલ્પ વીતરાગ (બરાબર) એવી દ્રષ્ટિ એ વસ્તુને દેખે, શ્રદ્ધે, ઐસે શુદ્ધ સમ્યક્ જાકે પાઈએ ઐસે શુદ્ધ સમ્યકમ્ શુદ્ધ સમ્યકમ્ છે ને (જીહાઁ) 'જં ચરદિ શુદ્ધ ચરણં જાણઈ પિચ્છઈ' અને એ ઉપરાંત શુદ્ધ સમ્યક્ત્વમ્ એમ ઈ જુદુ લીધું પાછું. ઐસે શુદ્ધ સમકિત જાકે પાઈયે ઐસે નિગ્રંથ સંયમ સ્વરૂપ પ્રતિમા સો વંદનીય યોગ્ય હૈ (બરાબર) શુદ્ધ સમ્યક્ જાકે પાઈયે શુદ્ધ સમ્યક્નો અર્થ જ આખું તત્ત્વ, દ્રવ્ય, જ્ઞાન દ્રવ્યની દ્રષ્ટિ, દ્રવ્યનું જ્ઞાન, દ્રવ્યમાં સંયમ ઈ સમ્યક્, ઐસે શુદ્ધ સમ્યક્ જાકે પાઈયે (બરાબર) આહાહા.... સમજાણું કાંઈ ?' (બરાબર) ઐસે નિર્ગ્રંથ સંયમ સમ પ્રતિમા હૈ, નિગ્રંથ સંયમ સમ પ્રતિમા હૈ. ભગવાનને જેમ ગ્રંથ નથી એમ બાહ્ય પ્રતિમા ને ગ્રંથ વસ્ત્રનો તાણો કે કાંઈ હોતો (નથી) તો એને વ્યવહાર માન્ય છે. છે? ઢીલું કર્યું જરી...ઢીલુ જ છે. સમજાણું કાંઈ ? (બરાબર) આવી પ્રતિમા તે વંદન યોગ્ય છે. આ પ્રતિમા વંદન યોગ્ય નથી. એમ આવ્યું. આ હિસાબે નિશ્ચયથી હોં. આહાહા.... એમ આવ્યું એટલો ભેદ કેમ પડી જાય ? આ પ્રતિમા આવી આહાહા....

ત્યારે ઓલા ઘણાં કહે છે ને સ્થાનકવાસી, ૩૧મી ગાથામા આવે છે ને કે ભગવાનની વ્યવહાર સ્તુતિ એ સ્તુતિ જ નથી. નિશ્ચય સ્તુતિ પોતાની, જો આમાં ક્યાં પ્રતિમા આયવી એમ કહે છે ! (જીહાઁ) સમજાય છે ! જો આમાં આત્માની સ્તુતિ એને જ ભક્તિ કીધી છે ભગવાનની સ્તુતિ, ભક્તિની ના પાડી છે, પણ એ તો નિશ્ચયની વાત છે. (બરાબર) આવું વચ્ચે હોય છે, વચ્ચે વિઘ્નરૂપ એક દશા (જી પ્રભુ) આહાહા.... રાગ છે એ વિઘ્નરૂપ છે (બરાબર) કષાય છે, અગ્નિ છે, ભઠ્ઠી છે. હાય....હાય.... આયા હૈ ને વો છ-ઢાળામાં આયા હેને ''યહ રાગ દાહ રાગ આગ દાહ સદા બળે છે અંદર.'' છેલ્લો બોલ છે, રાગ ચાહે તો શુભ હો કે અશુભ હો અગ્નિ છે. કષાય છે (બરાબર) ભગવાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



પ્રત્યે ઉપયોગ છે ને, તે ઉપયોગ ભગવાન પ્રત્યે છે માટે તે રાગ છે ને કષાય છે માટે તે અગ્નિ છે. (માટે તે અગ્નિ છે) આહાહા.... ભારે વાતુ્ૠ એય... (જીહાઁ, જી... પ્રભુ)

એવી નિર્ગ્રંથ સંયમ પ્રતિમા હૈ સો વંદને યોગ્ય હૈ આહાહા.... એ વજુભાઈ, બહું આવું, આવું કહેશો તો કોઈ આ ભગવાનની પ્રતિમાને માનશે નહીં, ઈ તો શુભરાગ આવે એ કાળે ત્યારે એનું લક્ષ હોય છે ઈ છે એટલી ભૂમિકા, બસ એટલું... (બરાબર) સમજાણું કાંઈ ? (બરાબર) બહુ જોર દેવા જાય તો દ્રષ્ટિમાંથી ખસી જશે.. સમજાણું કાંઈ?

દ્રષ્ટિનો વિષય જ નથી (બરાબર) પર્યાય, દ્રષ્ટિનો વિષય નથી તો વળી મૂર્તિને ભગવાન દ્રષ્ટિનો વિષય મંદિર ક્યાંથી આવ્યો ? નિર્મળ વીતરાગી પર્યાય, એ પણ દ્રષ્ટિનો વિષય નથી. (જી બરાબર) સમજાણું કાંઈ ? (બરાબર) આહાહાહા.... વાત એવી છે કે વસ્તુનાં ઘરની આ વાત છે. (બરાબર) સમજાણું કાંઈ ? (બરાબર) ? સો વંદને યોગ્ય એમ કહ્યું ને પાઠમાં શું ઈ વંદને યોગ્ય એમ છે ને પાઠ ? (છેને) એ વંદે ણીયા ત્યારે એમાંથી એમ નિકળે કે આ જિન પ્રતિમાને મંદિરને વંદનીય નથી, નિશ્ચયથી વંદનીય છે જ નહીં ? આહાહા.... વ્યવહારનો અર્થ અભૂતાર્થનયથી, ઉપચારથી કહેવામા આવે, આવી વાત છે. એય, આહાહા....

જાનનેવાલા દેખનેવાલા શુદ્ધ સમકિત, શુદ્ધ ચારિત્ર સ્વરૂપ, જાણવાવાળો દેખવાવાળો શુદ્ધ સમકિત, શુદ્ધ ચારિત્ર સ્વરૂપ, બેયને શુદ્ધ ચૈતન (બરાબર) શુદ્ધ નિશ્ચય સમ્યક્દર્શન નિશ્ચય સ્વરૂપમાં ઠરતાં જે શુદ્ધ ચારિત્ર થાય નિર્ગ્રંથ સંયમ સહિત ઐસા મુનીકા સ્વરૂપ ઐસી હી પ્રતિમા હૈ (બરાબર) એ પ્રતિમા છે વીતરાગ ભાવ. (નિશ્ચયથી) ૨૮ મુળગુણ પ્રતિમા છે, એમ નથી કહ્યુ આંઈ ? એનો વ્યવહાર છે ઈ જિન પ્રતિમા છે. એમ નથી કહ્યું એનો વ્યવહાર હો. ઓલો વ્યવહાર બહાર ગયો. વિકલ્પ છે ઈ જીન પ્રતિમા છે એમ નથી કહ્યું અહીંયા, (બરાબર) જિન એટલે વીતરાગ. વીતરાગ મારગ તો વીતરાગમાંથી શરૂ થાય છે (બરાબર)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



સમજાણું કાંઈ (સત્ય કૃપાનાથ) નિર્ગ્રંથ સંયમ સહિત ઐસા મુનિકા સ્વરૂપ હૈ સો હી પ્રતિમા હૈ ! સો હી પ્રતિમા હૈ એમ છે ને ? સા હોહી વંદણીયા નિગ્રંથા તે હોઈ એમ છે ને અદર ? પાઠમાં છે ને. સા હો હી વંદણીયા એનો અર્થ કર્યો છે ત્યાં એ જ હોય એમ.

વંદને યોગ્ય, અન્ય કલ્પીત વંદન યોગ્ય નાહીં (જીહઁ) સમજાય છે, (બરાબર) ખરેખર વીતરાગની પ્રતિમાનું મંદિર પણ નિશ્ચયથી વંદવા લાયક છે નહીં. આરે.. આરે... (નિશ્ચયથી વંદન યોગ્ય તો પોતાનો આત્મા જ હોય ને) આહાહા.... પંડિતજી આવી વાત છે. એ જુગલચંદજી એ સવાર-સાંજ ભક્તિ કરે, થઈ ગયો ધર્મ હવે, જાઓ.... આહાહા.... પોતાનું સ્વરૂપ શું છે ? ભક્તિ તો એને કહીયે વીતરાગી દ્રષ્ટિ, વીતરાગી જ્ઞાન, વીતરાગી ચારિત્ર એ ભક્તિ છે. (બરાબર) આહાહા.... (સત્ય ગુરુદેવ) પછી ઓલું એ વખતે વચમાં ઓલો વ્યવહાર આવે છે. વ્યવહારનય છે ને ? આવે છે. એમાં એને હોંશ વર્તે વ્યવહારની આહાહા.... આવે ને... આવે ને... એનો અર્થ હોંશ વર્તે છે, વ્યવહારની એ તો મિથ્યાદ્રષ્ટિ છે. (બરાબર) સમજાણું કાંઈ ? એય, આરે આ ઉદાસભાવે વચમાં આવે આવે છે જરી વાત એવી છે. વંદન યોગ્ય તૈસે હી રૂપ સદશ. ઐસા હી રૂપ સદશ ધાતુ પાષાણ હી પડિમા સો વ્યવહાર કરી વંદને યોગ્ય હૈ. વ્યવહારથી શુભભાવ છે એટલે વ્યવહારથી વંદન કહેવામાં આવે છે.

વ્યવહાર જ હેય છે આખો હૈં ? આહાહા.... હેયને વંદના યોગ્ય કહે એ વ્યવહારથી કહેવામાં આવે છે (આવે છે) આવી વાત છે વ્યવહાર ઈ પૂજ્ય છે એમ કહે વ્યવહારનયે વ્યવહાર, અભૂતાર્થનયે વ્યવહાર પૂજ્ય છે. આહાહા.... (બરાબર) છે ને પદ્મનંદી પચ્ચીસીમા છે એ નાંખે, એ લોકો બધા, જુઓ આમાં... એ બધું છે પણ આહાહા....

તારા સ્વના જાગ્યા વિના અને સ્વના આશ્રય વિના ઈ વ્યવહારને વ્યવહાર જાણનારો જાગે નહીં તો એને વ્યવહારેય કહેવામાં આવતો (નથી) વ્યવહાર કહાં સે આયા આહાહા.... શું થાય ? જગતને બહાર....અંદર ભગવાન મહા પ્રભુ ચૈતન્યમૂર્તિ છે (જી) વીતરાગનો કંદ અનંતા સિદ્ધ ભગવાન પેટમાં પડ્યા છે અંદર, (બરાબર) અનંતા સિદ્ધ પડ્યા છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



આત્મામાં. એવી સિદ્ધની દ્રષ્ટિ, સિદ્ધનું જ્ઞાન ને સિદ્ધનું ચારિત્ર (બરાબર) એને અહીંયા ખરેખર જિન માર્ગમાં ચૈતન પ્રતિમાને જિન પડિમા અને એને વંદનીય યોગ્ય નિશ્ચયથી કહેવામાં આવે છે. (બરાબર) સમજાણું કાંઈ ? (બરાબર, જી પ્રભુ) તૈસે હી રૂપ સદશ ધાતુ પ્રતિમા સો વ્યવહારે કરી વંદન યોગ્ય છે, જુઓ, ઓલામાં ના પાડી'તી ને વંદન યોગ્યની, ઈ વ્યવહારે વંદના યોગ્ય છે, પણ એમાં હોંશ આવી જાય કે હાઁ, એ તો આવે છે ને, પણ જે રાગ છે એ ખેદનું કારણ દુઃખનું કારણ છે એની હોંશ છે એને દ્રવ્ય દષ્ટિ નથી, એને દ્રવ્ય સ્વભાવનો અનાદર છે (અનાદર છે, જી પ્રભુ) સમજાણું કાંઈ ? (બરાબર) આગે ફરી કહે.

दंसणअणंतणाणं अणंतवीरिय अणंतसुक्खा य
सासयसुक्ख अदेहा मुक्का कम्मठबंधेहि ।।१२

निरूवममचलमखोहा णिम्मिविया जंगमेण रूवेण ।
सिध्धठ्ठाणम्मि ठिया वोसरपडिमा धुवो सिध्धा ।।१३

સિદ્ધની પ્રતિમાને હવે આંહી કહે છે. (બરાબર) આ સિદ્ધની પ્રતિમા સ્થાપે એ નહી હો. સિદ્ધ ભગવાન એ ચૈતન્ય પ્રતિમા એ સિદ્ધ ભગવાન એ ચૈતન્ય પ્રતિમા (બરાબર) શ્રીમદ્માં આવે છે. શ્રીમદ્માં આવે છે ને ચૈતન્ય પ્રતિમા સ્થાપ, ચૈતન્ય પ્રતિમા સ્થાપ, આવે છે. (બરાબર) આવે છે શ્રીમદ્માં પાછળ આમાં, આમાં આવે છે જો? જિન ચૈતન પ્રતિમા સ્થાપ, સમજાણું કાંઈ ? (બરાબર) જો અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત વીર્ય, અનંત સુખ, તિનહી કરી સહીત હૈ એવા સિદ્ધ ભગવાન (જી હાઁ)

શાશ્વત અવિનાશી સુખ સ્વરૂપ હૈ (બરાબર) લ્યો, વધારે લીધું નહીં તો ઓલામાં અનંત સુખ આવી ગયું તું પણ કેવું સુખ છે, શાશ્વત સુખ છે. અતિન્દ્રિય આનંદનું સુખ. સ્વનું સુખ ! (સ્વનું સુખ) આહાહા.... (બરાબર) પોતામાં સુખ છે ઈ માન્યતા છોડીને ક્યાંય પણ શુભ વિકલ્પ છે, એમાં સુખ છે, દ્રષ્ટિ મિથ્યાત્વ છે. (બરાબર મિથ્યાત્વ) વ્યવહારનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



જે વિકલ્પ આવે એમાંય સુખ છે અથવા ઠીક છે. એટલે ઈ છે તો મને લાભ થાય છે, ઈ છે તો જ્ઞાન થાય છે એમેય નથી. વ્યવહાર આવે છે, માટે એનું અહીં એનું જ્ઞાન થાય છે, એમ નથી એને આશ્રયે આ જ્ઞાન થયું એ તો પરાધીન જ્ઞાન પર્યાય થઈ, જ્ઞાન પર્યાય એવી પરાધીન છે નહીં. આહાહા.... (બરાબર) એય... એવો મારગ છે. (સૂક્ષ્મવાત)

ઈ પોતાનું જ્ઞાન ગુણ સ્વ ને જાણે. દ્રવ્ય ગુણને અને રાગને જાણવા સંબંધીનું ઈ જે જ્ઞાન એ પોતા સંબંધીનું પોતાને કારણે ઉત્પન્ન થયેલું છે. (બરાબર) ઈ રાગને કારણે એ જ્ઞાન ઉત્પન્ન થયું છે એમ (નથી) નથી. લોકાલોકને કારણે કેવળજ્ઞાન થયું છે એમ (નથી) નથી, આહાહા.... એય... (બરાબર છે પ્રભુ) ઈ કે છે જુઓ, સુખને વધારે નાખ્યું પાછું શાશ્વત સુખ એમ હૈ.... (બરાબર) શાશ્વત સુખ અંદરથી આત્મા ફાટ્યો અંદરથી આમ, આનંદ તો ધન, આનંદની મૂર્તિ એમાંથી પ્રગટેલું સુખ એને સુખ કહીયે (બરાબર પ્રભુ) બાકી ધૂળમાંય નથી ક્યાંય પુણ્યમાંય સુખ નથી, વ્યવહાર રત્નત્રયમાંય સુખ (નથી) નથી. દેશમાં સુખ નથી, પૈસામાંય સુખ નથી. સમજાણું કાંઈ ? (બરાબર). જ્યાં સુધી આત્મામાં સુખ છે એવો ભાસ ન થાય અને પરમાં સુખ છે એવો ભાસ રહે ત્યાં સુધી તેને આત્માનો અનાદર કર્યો છે. (બરાબર). સમજાણું કાંઈ ? (બરાબર). તેથી શાશ્વતા અવિનાશી સુખ કહ્યું,

અદેહ, કર્મ-નોકર્મ રૂપ પુદ્‌ગલમયી દેહ જિનકે નાહીં. એને કર્મને નોકર્મ બેય નથી. નોકર્મ એટલે શરીર આદિ (બરાબર) ભાવકર્મ આદી ત્રણેય નથી. (ત્રણેય નથી) સમજાય છે કાંઈ ? (બહુ સરસ) પુદ્‌ગલમયી દેહ જિનકે નાહી, અષ્ટકર્મ કે બંધન કરી રહીત, એવો ચૈતન્ય દેહ, અનંતજ્ઞાન, દર્શન, આનંદનો અનંત ચૈતન દેહ (જી હાઁ) એ જિન પ્રતિમા છે. (બરાબર) આહાહા.... પ્રગટેલો અનંત...

નીચલી દરજ્જામાં જે ૨૮ મુળગુણ આવે એને પ્રતિમા, જિન પ્રતિમા નથી કીધી. દોષ છે એને જિન પ્રતિમા કહે? પંડિતજી આહાહા.... દોષ રહિત જે દશા વીતરાગી પ્રગટી છે દર્શનજ્ઞાન એને જિન પ્રતિમા કીધી છે. (બરાબર). વીતરાગી પ્રતિમા જોઈએ ને એમાં રાગ આવે ઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



જિન પ્રતિમા ક્યાં છે ? (વીતરાગી) આહાહા.... (બરાબર) સમજાણું કાંઈ ? (સત્ય કૃપાનાથ) ધીરે ધીરે પચાવવા જેવું છે ભાઈ, આ બધું આહાહા.... હૈં ? એવી વાતું છે બાપા (દુકાનનો વહીવટ કેદી કરતો'તો) હૈ? વહીવટ કેદી કરતો'તો એ દુકાનનો વહીવટ કરતો'તો ઈ, વિકલ્પ આવે બસ. (આ દુકાન તો ચાલે છે) આ શેઠ રહ્યા બધાં. કરોડો રૂપિયા ભેગા કરે છે (કાનપુર) હૈં ? કાનપુરમાં, કાનપુરમાં લાખો રૂપિયા આવે. સવારમાં ભેગા કરીને, ભેગા કરી શકે છે ? લઈ શકે છે ? (બિલકુલ નહીં) હૈં શેઠ ? સવારમાં શોભાલાલજી આવ્યા છે એક મહિનામાં એને આટલા દસ લાખ, વીસ લાખ ભેગા કરી દેવા પડશે. એક પેઢીમાં પણ દરરોજ આવે, દરરોજ આવે, પચ્ચીસ હજાર, પચાસ હજાર (ઈ તો વ્યવહાર હોય ત્યારે આવે ને, કાંઈ મફત આવે ?) આંય કહે લેણું કોનું ને દેણું કોનું ? (વાહ રે વાહ) પૈસા લ્યે કોણ ને મૂકે કોણ આહાહા.... આવી વાતો છે.

આંહી તો એમાં જે વિકલ્પ આવ્યો અશુભ (જીહઁા) એ પણ વસ્તુમાં નથી. આ શુભ આવ્યો એને દાનમાં દેવાનો ભાવ, શુભ આવ્યો. કહે છે લ્યોને. (ઈ ક્યાં છે આત્મામાં?) ઈ યે વિકલ્પ આત્મામાં નથી. એને જિન પ્રતિમા કહેતા નથી. (બરાબર) સમજાણું કાંઈ ? (બરાબર) કહો હિંમતભાઈ. આ તમારે મંદિર તો થઈ ગયું છે (ન થયુ હોય તો ય થવાનું હોય તે થયા વગર રહે) આહાહા.... લોકો કહે છે ઘણાં લોકો કહે છે કે ભાવનગરમાં હોંશ લોકોની ઘણી છે (જીહઁા) (એ તો જોયું ને પ્રતિકૂળ સંયોગ હોવા છતાં અડગ રહ્યા) પ્રતિકૂળ સંયોગમાં સામુ કાંઈ નહીં, એ તો લાઈનસર કામ બધા ચાલતા. બરાબર ત્યાં સળગ્યુ એને ઘેરે, આહીં તો વરઘોડા ને ઠેકાણે વરઘોડા, રીક્ષાને-બીક્ષાને બધું એમાં કાંઈ નહીં, ઈ તો બધું થવાનું હોય ઈ થાય છે એમાં શું છે. (પ્રતિકુળ છે એય કલ્પના છે) આહાહા.... એવું હોય છે, એમાં શું છે, કીધુંને... આહાહાહા...

શ્રીકૃષ્ણ અને બળદેવ જેવા યોદ્ધાઓ ઉભા સમકિતી, અને આમ દ્વારકા બળે, સળગે (જીહઁા!) એ એમાં રાણીઓ સળગે. (પણ શું કરે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



એમાં ?) જિન મંદિરો સળગે ? દ્વારકામાં જિન મંદિરો હતાં ને ? જિનમંદિરો, દ્વારકામાં સળગીને જિન પ્રતિમા, જિન મંદિરો, રાણીઓ, રાજકુમારો, રાજકુમારની સ્ત્રીઓ, હાથી, ઘોડા સળગ્યાં. ઝળહળ ઝળહળ ઝળહળ એનો કાળ હોય તે ન થાય ત્યારે ક્યાં થાય? બીજે થાય... (જી પ્રભુ) ઉભા રહ્યા જોઈને, બસ, ભાઈ હવે ક્યાં જાશું ? અરે, જેને હાંકલે હજાર રાજાઓ ઉભા થાય, પ્રણામ દાતા! સમજાણું કાંઈ? (બરાબર) જેને ગળફો નીકળે કદાચિત કોઈ વખતે રોગ વખતે તોય એ તો નિરોગી શરીર હોય, વાસન-ફાસન ન હોય તો રાજા હાથ ધરે આમ? (એ વખતે તો પુણ્યનો ઉદય) આહાહા.... ક્યાં ગયાં પણ આ પુણ્ય બધાં ? અહીંયા માબાપ સળગે, અરેરે સળગશે, આપણે બેઠા, માબાપ કાઢો રે કાઢો... બહાર કાઢવા જાય ત્યાં હુકમ થયો ! નહીં નીકળે. તમને બેને કહ્યું'તું ને. (બેને કહ્યું'તું ?) હાઁ, કહ્યું તું બેને, ઓલા સિપાઈ બહું કોપમા આવી ગયેલો ને ? તો, પછી એની માફી બહુ માંગી. નહીં... તમે બે બચશો એમ કીધુ, એમ કીધું, તમે શિવાય કોઈ નહીં. આહાહા.... મિથ્યાદ્રષ્ટિ છે.. હતાં હા હા, લબ્ધી હતી ને, તેજોલબ્ધી હતી, મિથ્યાદ્રષ્ટિ.... વીતરાગના વચન ખોટાં પાડવા મથે ? આહાહા.... એને ક્યાં....

આંહિ તો કહેવું છે કે એવા યોદ્ધાઓ ઉભા. રતનનાં કાંગરા, સોનાના ગઢ (જીહાઁ) એ ઘાસ સળગે એમ સળગે (બરાબર) બાપુ, એની પર્યાયનો કાળ હોય તો ઈ થાય (બરાબર જી!) તું ઉદાસ જગતથી ઉદાસ (બરાબર) આ ઈ વિકલ્પ આવે એનાથી ઉદાસ તું છો ! આહાહા.... એવા સ્વરૂપને ભગવાને આંહી જિનસ્વરુપને જિનપ્રતિમા કહી છે. આહાહા.... (બરાબર)

વિશેષ કહેશે .....

પ્રમાણ વચન, ગુરુદેવ !

૪૦ જ્ઞાનમાં ખરેખર તો રાગ જણાય છે. ત્યાં અજ્ઞાની માની બેસે છે કે મેં રાગ કર્યો; એ રાગનું કર્તૃત્વ જ મિથ્યાદર્શન છે.
- **પૂજ્ય ગુરુદેવ** *(દ્રવ્યદ્રષ્ટિ જિનેશ્વર)*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



શ્રી વીતરાગાય નમઃ

# પરમાત્મ પ્રકાશ

## અધિકાર-૨, ગાથા-૧૮ - સળંગ પ્રવચન નં. ૧૧૨

### મંગલાચરણ

**નમો લોએ સૌ અરિહંતાણમ્;**
**નમો લોએ સૌ સિદ્ધાણમ્;**
**નમો લોએ સૌ આયરિયાણમ્;**
**નમો લોએ સૌ ઉવ્વઝાયાણમ્;**
**નમો લોએ સૌ ત્રિકાળવર્તી સાહુણમ્;**

**ૐકાર બિંદુ સયુંક્તમ્, નિત્યં ધ્યાયન્તિ યોગિન્,**
**કામદં મોક્ષદં ચૈવંમ્, ૐકારાય નમોનમઃ,**

**મંગલમ્ ભગવાન વિરો, મંગલમ્ ગૌતમોગણી,**
**મંગલમ્ કુંદ-કુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલમ્.**

**નમઃ સમયસારાય, સ્વાનુભૂત્યા ચકાસતે,**
**ચિત્સ્વભાવાય ભાવાય, સર્વ ભાવાંતર**
**ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...**

આજ ભગવાનના મોક્ષદિનનો દિવસ છે (જી પ્રભુ), નૈગમનયે આરોપથી, ભૂતકાળમાં થઈ ગયા છે ને ઈ તો (બરાબર) એને અત્યારે કહેવુ, એ તો નૈગમનયના કથનો છે. ભગવાન, આ ચૌદશની પાછલી રાતમાં મોક્ષમાર્ગની ત્રણ જે પર્યાય દર્શન-જ્ઞાન-ચારિત્ર (જી પ્રભુ) એની પૂરણ થઈ, ચૌદમે આહાહાહા.... એનો વ્યય થયો (જી) અને મોક્ષનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



ઉત્પાદ થયો (બરાબર) ખરેખર, એ મોક્ષના ઉત્પાદના પર્યાયનો એ જન્મક્ષણ જ હતો. (બરાબર) આહાહાહા.... તે કાળે જેમ માટીમાંથી ઘડો થવાનો જન્મક્ષણ હોય છે, (જી) ત્યારે ઘડો થાય છે (બરાબર) નિમિત્ત હો. કુંભાર આદિ દોરી ને એ બધું કીધું છે પણ એ કોઈ એનાથી થાતું નથી. એમાં કહેશે હમણાં ધર્માસ્તિ, અધર્માસ્તિ સહાયક કારણ છે એનો અર્થ સમજવો જોઈએને આહાહાહા.... સાથે એક બીજી ચીજ છે... (બરાબર) તેમ ભગવાન જ્યારે મોક્ષપદની પર્યાય પ્રગટ કરી (જી) ત્યારે કાળાદિ નિમિત્ત છે દ્રવ્યથી, (બરાબર) પણ એનાથી થયું નથી. (બરાબર) થઈ છે તો.... નિશ્ચયથી તો એવું છે કે મોક્ષની પર્યાય પોતે ષટ્કારક રૂપે પરિણમીને ઉત્પન્ન થઈ છે (બરાબર) લાલચંદભાઈ (જી પ્રભુ) આહાહાહા....

જ્યારે વિકાર ભાવ પણ ષટ્કારક રૂપે પરિણમન થઈ ને ઉત્પન્ન થાય (જી) કેમકે વિકાર એ દ્રવ્ય ને ગુણમાં નથી. (બરાબર) ત્યારે પર્યાયમાં સ્વતંત્ર એક સમયમાં, મિથ્યાત્વનો ભાવ હો કે રાગદ્વેષનો હો, એક ક્ષણમાં તે વિકાર, એ પર્યાય વિકારની કર્તા, પર્યાય, વિકારનો એનું કર્મ, કાર્ય. (બરાબર) આહાહા... એક સમયમાં છ બોલ. એનો સ્વતંત્રતા ઈ જાહેર કરે છે. (બરાબર) અને ઈ સ્વતંત્રતાનું તાત્પર્ય (જી) આહાહા... વીતરાગતા છે (જી) વીતરાગતાનું ફળ, સ્વ ઉપર લક્ષ જાય ત્યારે વીતરાગતા આવે છે. (બરાબર) આહાહા... વીતરાગતાને... સમ્યક્દર્શન એ વીતરાગ પર્યાય છે, (બરાબર) સમજાય છે કાંઈ ? (જી) સમ્યક્દર્શન એક વીતરાગી પર્યાયનો જન્મક્ષણ, ઉત્પત્તિકાળ છે, (બરાબર) તે પણ સમ્યક્દર્શનની પર્યાય, પોતાના ષટ્કારકથી પરિણમન થઈને ઉત્પન્ન થઈ છે... (બરાબર) જેને દ્રવ્ય ગુણની પણ અપેક્ષા નથી (બરાબર) છતાં દ્રવ્યનો સહારો કહેવાય. આહાહા... આશ્રય... વીતરાગી તત્ત્વ, આ તો આજ મોક્ષનો દિવસ છે ને? એ કેવળ મોક્ષ પર્યાય થઈ એને એ મોક્ષમાર્ગની પર્યાયનો વ્યયનો કાળ હતો (જી, સાહેબ) અને મોક્ષની પર્યાયનો ઉત્પન્ન કાળ હતો (બરાબર) વસ્તુ ધ્રુવ રૂપે તો એનો ક્ષણ છે આહાહા...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



એ મોક્ષની પર્યાય પણ પૂરણ જે થઈ આહાહા... (જી, પ્રભુ) મોક્ષ મારગને લઈને થઈ એમ કહેવું ઈ તો વ્યવહાર છે, (બરાબર) કારણ કે મોક્ષ મારગનો પર્યાય તો વ્યય થાય છે, તો વ્યય એ ઉત્પાદનું કારણ કેમ હોય ? આહાહા... તો ઉત્પાદનું કારણ તો ઉત્પાદ પોતે છે, પણ ઉત્પાદનું વ્યવહાર કારણ કહેવું હોય તો દ્રવ્યનો આશ્રય વિશેષ થયો માટે....(બરાબર) આહાહા... સમજાણું કાંઈ ? (જી, સાહેબ). એવો જે જન્મક્ષણ પરમાત્માનો આહાહા... તે કાળે પરમાત્મા પૂરણ આનંદ, અવ્યાબાધ, પૂરણ આનંદ તો થયો તો તેરમે ગુણસ્થાને (જી, હાં) પણ અહીંયા તો પૂરણ આનંદ, અવ્યાબાધ આનંદ એની પ્રાપ્તિ થઈ ભગવાનને ત્યાં, એને અહીંયા દિવાળી દિવસ કહેવામાં આવે છે (બરાબર).

દિ એટલે ''સ્વકાળ'' ને એણે વાળ્યો.... આહાહાહા.... પરમાત્મ દશાની દશા, એ સ્વકાળ આહાહા... એની સ્વકાળ, પર્યાયનો સ્વકાળ (જીહાં) આહાહા... એમાં એણે, પોતાની પર્યાયને ઉત્પન્ન કરી આહાહા...(બરાબર) તેથી એને 'દિ-વાળી' દિવાળી કહેવામાં આવે છે બહારમાં તો આ તો આ દિવા કરેને, આમ કરે ને, એ બધી વ્યવહારની વાતો છે. આહાહા... ભગવાન સાદિ અનંત સિદ્ધ પર્યાયને પામ્યા (જી) અનાદિ સાંત સંસારની અવસ્થાને કરી નાખી આહાહા... (બરાબર) સંસાર દશા જે અનાદિની છે તેનો ત્યા અંત એ ક્ષણે આવ્યો અને સિદ્ધની પર્યાય અનંત કાળ રહેવાની છે. (બરાબર) તેનો ઉત્પત્તિ કાળ તે સમયે આવ્યો. (બરાબર) આહાહા... સમજાય છે કાંઈ ? (જી સાહેબ) એમ સમ્યકદર્શનની ઉત્પત્તિનો ક્ષણકાળ, (બરાબર) તે જ ક્ષણ કાળ મિથ્યાત્વના નાશનો ક્ષણકાળ છે (જીહાં, બરાબર) આહાહા... અને તે જ ધ્રુવનો ક્ષણકાળ, તે તે ધ્રુવનો (બરાબર) તે તે ધ્રુવનો એટલે ? પહેલાંની પર્યાય ગઈ, નવી પર્યાય થઈ, એટલું જરી ધ્રુવમાં... આહાહા... અપૂરણ પર્યાય ગઈ, પૂરણ પર્યાય થઈ એટલું ધ્રુવની અપેક્ષા ત્યાં રહી છે.. ન્યાંય અપૂરણ ગઈ ને પૂરણ થઈ ત્યાં ધ્રુવમાં પૂરણતા છે એમાં કાંઈ ઓછપ થઈ નથી (બરાબર) સમજાણું કાંઈ ? આહાહા... એ તો પૂર્ણાનંદ ધ્રુવ તો તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



છે, પણ પૂર્વની પર્યાયની અપૂર્ણતા ગઈ ઈ ગઈ ક્યાં ? કે ત્યાં... ધ્રુવમાં ગઈ. આહાહા... આંહી જે ક્ષાયિક ભાવનું સમકિત આદિ કહેવાતું મોક્ષમાર્ગની પર્યાય એ અંદર ગઈ ત્યારે પરિણામિક ભાવે થઈ ગઈ, ધ્રુવ થઈ ગઈ, આહાહા... આ તત્ત્વની મર્યાદાને સ્થિતિ આ છે... (બરાબર) એમાં કોઈ આગળ પાછળ ફેરફાર કરે તો બની શકે એવું (નથી) આહાહા... એ કઠણ પડે જગતને બહાર, 'ક્રમબદ્ધ' અને ઉત્પત્તિકાળમાં કારણ તો બધે લેવાય છે, સોનીજી. આમાય આવશે, સહાયક કારણ આમાં ૧૯માં, સહાયક કારણ કહેશે ધર્માસ્તિને, પણ એનો અર્થ એ સહાયક કારણે એ પર્યાય ઉત્પન્ન કરી છે, એમ નથી. એ પર્યાયનો તો ઉત્પત્તિ કાળ હતો, પોતાથી થયુ છે. પરકારણની પણ એને અપેક્ષા નથી, નિશ્ચયથી... વ્યવહારે છે એમ નિમિત્તનું જ્ઞાન કરાવવા, એ વાત કરી છે. આ વસ્તુની સ્થિતિ આ છે. ભગવાને એમ જાણીને એમ ભગવાને એમ કહ્યું'તું (બરાબર) આહાહા... એ આજ દિવસ છે દિવાળીનો આહાહા... લોકો તો લાડુ ચઢાવે છે ને કોણ જાણે ઈ કાંહી સવારે ભાઈએ પ્રશ્ન કર્યો તો હિંમતભાઈએ કે લાડુ ચઢાવે ને ક્યાંય ખબર નથી, એ ક્યાંથી આવ્યું, આ આધાર શું છે? આહાહા... લાડવા ચઢાવે છે ને. ઈ પદ્ધતિ હાલી આવે, વ્યવહાર ચાલ્યો આવે છે કે શું છે? લાડુ ચઢાવે છે ને આજેય મૂકયા'તા. મારે કોઈએ બે, ભગવાનની ઓલી છે ત્યાં કોઈકે મૂક્યા'તા બે. ઈ પદ્ધતિ હશે કે શું હશે? એ કીધું કે આપણને કંઈ શાસ્ત્રથી ખબર નથી. આ પદ્ધતિ છે ઈ છે. (અંદરની પદ્ધતિ આ છે)... હે... આ પદ્ધતિ છે. આહાહા...

આપણે અહીંયા અઢારમી ગાથા હાલે છે. આહાહા... ભાવાર્થ, ફરીને અઢારમી ગાથાનો ભાવાર્થ, પરમાત્મ પ્રકાશ ૧૮ મી ગાથા આહાહા... (બરાબર) યહ આત્મા અમૂર્તીક શુદ્ધાત્મા સે ભિન્ન, જો સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, મૂર્તિ ઉસસે રહિત પહેલો પાઠ છે ને મૂર્તિ રહિત પહેલો પાઠ છે ને, 'મૂર્તિ વિહોણો' છે ? ૧૮ મી ગાથા ''મૂર્તિ વિહોણો'' એની વ્યાખ્યા :

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



યહ આત્મા અમૂર્તિક શુદ્ધાત્મા સે ભિન્ન ભગવાન અત્મા તો અમૂર્તિક છે, ભલે અમૂર્તિક હો, પણ વસ્તુ છે, એમ સિદ્ધ કરવું છે. મૂર્ત રહિત છે, હૈં...

મૂર્ત રહિત છે, પણ અમૂર્તિક વસ્તુ છે. અમુર્તપણું એટલે કોઈ તુચ્છપણું ને એમ નથી. જેમાં મૂર્તિ રહિત છે પણ જેની અમૂર્તતાની પ્રધાનતા છે. એની એ મોટપ છે અમૂર્ત તો ધર્માસ્તિ પણ છે. પણ આ મૂર્તિ રહિતમાં તો એની મહિમા અનંત આનંદ ને જ્ઞાનની અમૂર્તતા એની એ મહિમા છે. અમૂર્ત હોવા છતાં ભગવાનમાં, ભગવાન એટલે આ આત્મા એને ભગવાન કહીએ (જી, પ્રભુ) આહાહા... અનંતજ્ઞાન અનંત આનંદ, અનંત પ્રભુતા, અનંત સ્વચ્છતા એવો મૂર્ત રહિત પદાર્થ હોવા છતાં એવા અમૂર્ત સ્વભાવોથી પરિપૂર્ણ ભરેલો પદાર્થ છે એ (બરાબર) પરમાત્મ પ્રકાશ છે ને આ ! મૂર્તરહિત અમૂર્ત પરમાત્મા છે એમ કહેવું છે. સમજાય છે કાંઈ? (જી, સાહેબ!) આહાહા...

આ ગંભીર છે ગાથાઓ બધી. મૂર્ત રહિત અમૂર્ત પણ પરમાત્મા અમૂર્ત સ્વરૂપ છે આખું, આત્માનું અને ખરેખર તો એ અમૂર્તપણું નિર્મળ અમૂર્ત પર્યાય દ્વારા જાણવામાં આવે છે. (બરાબર) સમજાણું કાંઈ ? (જી, પ્રભુ) એ આ અમૂર્ત છે, અમૂર્ત છે, અરૂપી છે, એનું ભાન, સમ્યક્જ્ઞાન ને સમ્યક્દર્શનની પર્યાયમાં એનું ભાન થાય છે. (બરાબર) સમ્યક્દર્શન ને જ્ઞાન એ પણ અમૂર્ત છે, આહાહા... (અમૂર્ત બરાબર) સમજાય છે કાંઈ ? (જી, સાહેબ) હૈ ? એ અમૂર્ત દ્વારા અમૂર્ત જણાય છે. આહાહા... આમ અમૂર્ત છે પણ એની પ્રતીતિ ક્યારે આવે ? (બરાબર) ઈ સમ્યકદર્શન એ અમૂર્ત છે (જી) ત્યારે એને અમૂર્ત પદાર્થની પ્રતિતી આવે એને આહાહા... સમજાણું કાંઈ ? (જી, સાહેબ) મૂર્તિ રહિત છે. હવે વિશેષ....

મૂર્તિ વિહોણો, ણાણ મઉ, ણાણ મઉ શબ્દ પડ્યો એની વ્યાખ્યા લોક-અલોક કા પ્રકાશ કરનેવાલે કેવળજ્ઞાન કર પૂરણ હૈ. આ પર્યાયની વાત નથી. (શક્તિની વાત છે) આહાહા.. ભગવાન આત્મા જ્ઞાનમય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



જ્ઞાનવાળો એમ નથી કહ્યું. જ્ઞાનમયી છે. કેવું જ્ઞાન? કેવળજ્ઞાન, કેવળજ્ઞાન... એકલું જ્ઞાન. જુઓ આ પર્યાયની વાત નથી. સમજાણું કાંઈ? (જી પ્રભુ) આવો આ આત્મા છે એને તું જાણ, ઈ જાણવામાં આ આખી વાત લેશે ઈ. (બરાબર) સમજાણું કાંઈ ? (જી સાહેબ) એ કેવળજ્ઞાન કર પૂરણ હૈ આહાહા... પણ એ ક્યારે જણાય? ઈ કહેશે. આહાહા... સમજાય છે કાંઈ ? (જી પ્રભુ) આહાહા.. ક્યોંકિ કેવળજ્ઞાન સબ પદાર્થ કો એક સમયમેં પ્રત્યક્ષ જાનતા હૈ, કેવળજ્ઞાન એક સમય મેં શક્તિરૂપનું આંહી વર્ણન છે, ઈ શક્તિરૂપ ઈ લોકાલોકને જાણે એવો જ એનો શક્તિ સ્વભાવ છે. આહાહા... સમજાણું કાંઈ? (જી, સાહેબ) પર્યાયમાં એ નથી ને આવરણથી રોકાણું છે નિમિત્તથી, એ આંહી વાત નથી. આહીં તો કેવળજ્ઞાન પરિપૂર્ણ શક્તિનું સત્ત્વ આખું છે, ઈ લોકાલોકને જાણે એવો જ એનો સ્વભાવ છે (બરાબર) આહાહા... આગે પીછે નહીં જાનતા, હૈ... આગે પીછે જાને શું?

જે જે સમયમાં, જે જે રીતે જ્યાં, દ્રવ્યની ક્રમબદ્ધ પર્યાય ભૂતની તો ગઈ ભવિષ્યની છે નહીં છતાં ભવિષ્યની જે થશે, તેવી જ્ઞાનમાં વર્તમાનમાં જણાય, પર્યાયમાં પણ શક્તિમાં એવી જ છે અંદર કહે છે શક્તિ. આહાહા... જે પર્યાય ભવિષ્યની વર્તમાન નથી એને વર્તમાન જાણે, ત્યારે એ લોકો એમ કહે છે કે નથી તેને વર્તમાન જાણે, એ તો વિપરીત થઈ ગયું, એમ કહે છે આહાહા...

પણ આંહી ખબર નથી પડતી? રોટલીનો લોયો લીધો લોટનો તો આ આમાં રોટલી થાશે એનો ખ્યાલ નથી આવતો ત્યાં ? થયા પહેલાં નથી ખ્યાલ આવતો ? લોયા કહે છે ને લોટ, આટા, આટા એમાંથી ગોણું કાઢે છે ને થોડું. કાઢ્યું ત્યાં ખ્યાલમાં જ છે એને રોટલી થાશે, કરીશ તો થાશે એમ નહીં, થાશે. આહાહાહા... સમજાણું કાંઈ? (જી, સાહેબ) બીજી વાત, કરીશ તો થાશે એમ નહીં. તેમ નથી થાતા, થાશે એનો ખ્યાલ આવી ગયો પાછો આહાહાહા... સમજાણું કાંઈ? (જી, સાહેબ) વીતરાગ મારગ બહુ અપૂર્વ છે, સૂક્ષ્મ છે, અપૂર્વ છે એનું ફળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



અપૂર્વ આનંદ છે. સમજાય છે કાંઈ? (જી, પ્રભુ) પ્રત્યક્ષજ્ઞાન આગે પીછે નહીં. હવે કહે છે.

એવો જે અમૂર્ત અને જ્ઞાનમયી પ્રભુ, કોને પ્રતીતમાં આવે ને કોને જાણવામાં આવે ? (જી, પ્રભુ) આહાહા... સમજાય છે કાંઈ ? (જી, સાહેબ) આહાહા... આમ શાસ્ત્રથી સાંભળ્યુ માટે તેને જાણ્યું એમ નથી એમ કહે છે (જી) આહાહા... શાસ્ત્રથી ધાર્યું કે આ અમૂર્ત છે ને આ પૂરણ કેવળ જ્ઞાનમયી છે, આ જ્ઞાનપૂરણ છે એમ ધાર્યું, એથી એણે જાણ્યું એમ નથી આહાહા... સ્વરૂપચંદભાઈ. ઝીણી વાતો છે આ, આહાહા...

દિવાળીનો દિવસ છે, પરમાત્મા મોક્ષ પધાર્યા છે પ્રભુ, આહાહા... જુઓ 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં' (જીહાઁ) મોક્ષ શું છે? અનાદિ સાંત, અનંત સમાધિ, શાંતિ, વીતરાગતા, અનંત આનંદ એનું નામ મોક્ષ છે. મોક્ષ તો નાસ્તિથી કહેવાય છે, ખરેખર, દુઃખનો નાશ એને મુક્તિ કહેવાય છે ને. પણ મુક્તિ તો અસ્તિ છે... પણ દુઃખનો નાશ એમ કરીને મુક્તિ થઈ ને. (બરાબર) સંસારનો અભાવ એ મુક્તિ, મુક્તિ કીધી, શેનાથી મુક્ત થયો? દુઃખથી, મુક્તિ થઈ અથવા અપૂર્ણ અવસ્થાથી આહાહા... (બરાબર) સમજાણું કાંઈ ? (જી, સાહેબ).

એ હવે કહે છે કે આવો જે મૂર્ત રહિત ભગવાન અને જ્ઞાનમયી જે લોકાલોકને જાણે એવો એનો જે સ્વભાવ, એવી એની શક્તિ, એવું એનું ધ્રુવપણું (બરાબર) એવા આત્માને જાણ. એમ શબ્દ છે ને, જુઓ

मुत्ति विहोणा णाण मऊ परमानंद सहाउ.

એને નાખશે ભેગું એ પરમાનંદ સ્વભાવ હારે નાંખશે હવે.

'મુત્તિ' છે ને મુત્તિ શબ્દ પડ્યો છે ને. મનસ્વ કહો કે જ્ઞાન કહો, મુણિ શબ્દ છે ને. નીચે છે ''મનસ્વ'' મનસ્વ ને સંસ્કૃતમાં મનસ્વ લીધું છે, સંસ્કૃતમાં ઓલું નથી લીધું, સમજાણું શું? મુણિ જે પાઠનો શબ્દ છે એ શબ્દાર્થમાં નથી લીધો. શબ્દાર્થમાં સંસ્કૃતનો શબ્દ લીધો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



છે. શું કીધું, સમજાણું ? પાઠના શબ્દો છે એ શબ્દાર્થમાં, અન્વયાર્થમાં નથી લીધાં. એનો સંસ્કૃત છે એનું અર્થમાં લીધું છે, પાઠ છે ''મુણિ'' સંસ્કૃત છે 'મનસ્વ' શબ્દાર્થમાં પણ એ આવ્યું જુઓ. હે યોગીણં એનો શબ્દાર્થમાં માથે શરૂઆતમાં હે. યોગી, નિશ્ચય કરકે નિયમ નામ, નિશ્ચય કરકે, નિશ્ચય કરકે તો આત્મા કો ઐસા 'મનસ્વ' જાણ. એ જાણની વાતની અંદરમાં હવે વિશેષતા બતાવે છે. આહાહા... સમજાણું કાંઈ? (જી સાહેબ). મનસ્વ આહાહાહા... અને એ પરમાનંદ થઈ ગયો, ભેગું નાંખી દેશે આમાં, મૂર્તિ રહિત જ્ઞાનમયી પરમાનંદ સ્વભાવ એમ લીધું. પાઠ પરમાનંદ સ્વભાવ પણ એવો જે પરમાનંદ સ્વભાવ જ્ઞાન સહિત, મૂર્તિ રહિત એને જાણ. ગુરુ એમ કહે છે. યોગીન્દ્ર દેવ સંત છે. ત્રણ કષાયનો અભાવ ને પ્રચુર આનંદના સ્વસંવેદનની ભૂમિકામાં બેઠા છે. (જી, સાહેબ). પ્રચૂરઆનંદ છઠ્ઠે ગુણસ્થાને મુનિ છે ને. આહાહા.. પાંચમી ગાથામાં આવે છે ને, પ્રચૂર સ્વસંવેદન, જેનો આનંદ, જેનો ટ્રેડમાર્ક છે, (બરાબર) અનુભવનો રજીસ્ટર્ડ થયેલો ટ્રેડમાર્ક શું છે કે ? કે આનંદ... આહાહા... એમ સમ્યક્દર્શન જ્ઞાનમાં આનંદ આવે એ એનો ટ્રેડમાર્ક છે ઈ એનો. સમજાય છે કાંઈ ? (જી, પ્રભુ) આવો માર્ગ છે ઈ હવે કહે છે બહું. આહાહા...

જોકે વીતરાગભાવ પરમાનંદરૂપ, જોયું, હવે જાણે શી રીતે ? આવો મૂર્તરહિત, કે જ્ઞાનમયી પરમાનંદ સ્વભાવ, હવે ઈ પરમાનંદ સ્વભાવનું વર્ણન એકલો પરમાનંદ સ્વભાવ ન લેતાં પરમાનંદ સ્વભાવના પરિણમનથી એને જાણ. લાલચંદભાઈ, આહાહા... આહાહા... શું કહે છે? (હા, જી) વીતરાગભાવ કેમકે વસ્તુ વીતરાગ સ્વરૂપ છે. (બરાબર) એને વીતરાગ ભાવના પરિણતિએ જાણ આહાહા... આ તો કાલ આવી ગયુ, આ તો આ નવું છે ને આ જરી નવા આવ્યા છે ને, જરા કેટલાક, સમજાણું કાંઈ? આહાહા... વીતરાગભાવ એ અમૂર્ત હોવા છતાં એ સ્વરૂપ વીતરાગભાવ છે (બરાબર) એ આંહી નથી કહેવું, પણ વીતરાગભાવની પરિણતિ દ્વારા એને જાણ. (જી) આહાહા... સમજાણું કાંઈ ? (જી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



સાહેબ) આહાહા... વીતરાગભાવ પરમાનંદરૂપ, ઓલા પરમાનંદનો સ્વભાવ કહ્યો'તો ને પાઠમાં, ગાથામાં એને આંહી લઈ લીધો ભેગો, એ વીતરાગભાવરૂપ પરિણમન પરમાનંદ સ્વભાવરૂપી પરિણમન, આહાહા... વીતરાગભાવરૂપી પરિણમનથી વીતરાગ ભાવને જાણ. આહાહા... (જી) પરમાનંદ સ્વભાવની પરિણત્તિથી પરમાનંદ સ્વભાવને જાણ. સમજાણું કાંઈ? આહાહા... (જી, સાહેબ) આવો મારગ...

એ સર્વજ્ઞ સિવાય આવી શૈલીની વાત ક્યાંય છે નહીં. વસ્તુની સ્થિતિ આ છે... આહાહા... જેમ કહ્યું ને આપણે ભાઈ, ૧૪૪માં કહ્યું, ભાઈ, કર્તા-કર્મમાં કે ઈ પરિપૂર્ણ આવો છે ઈ સમ્યક્દર્શનમાં પરિણતીમાં તે શ્રદ્ધાય છે, આમ શ્રદ્ધાય, શ્રદ્ધાય એમ નહીં. સમ્યક્દર્શનની પરિણતિમાં એ આવું શ્રદ્ધાય છે, એટલે દેખાય છે એમ લીધું ને. પહેલું દેખાય છે, એમ લીધું ને પણ દેખાય એનો અર્થ શ્રદ્ધાય છે. સમ્યક્ નિર્વિકલ્પ પ્રતીતીમાં રાગથી રહિત નિર્વિકલ્પ સમ્યક્દર્શનની પ્રતીતીમાં તે 'આ આત્મા' એ શ્રદ્ધાય, શ્રદ્ધાય એટલે દેખાય છે. એકલું દેખાય છે એમ નહીં, કહો સમજાય છે કાંઈ ? (જી પ્રભુ) આહાહા... એ છે.. છે... છે પણ પ્રગટ પર્યાય વિના 'છે' એ ક્યાંથી આવ્યું? (બરાબર)

હૈં...? આહાહા... વીતરાગ આ પરિણતિની વ્યાખ્યા છે હોં. આ વીતરાગની વ્યાખ્યા નથી. (પર્યાયની વાત છે) આહાહા... ભગવાન વીતરાગ સ્વરૂપ છે (જી) અમૂર્ત તત્ત્વ વીતરાગ મૂર્તિ પ્રભુ છે (બરાબર) ચારિત્ર છે ને અકષાય ભાવ છે ને વીતરાગ મૂર્તિ જ છે, જિનપદ (બરાબર). આત્મા એને વીતરાગ પરિણતિ દ્વારા જાણ (બરાબર) આહાહા... પરમાનંદ સ્વરૂપ ત્યાં એ શબ્દ છે ત્યાં પરમાનંદરૂપ એ શબ્દ જોઈએ. છે ? છે... ટીકામાં, ટીકામાં છે અર્થમાં પડયો છે. વીતરાગ ભાવ પરમાનંદરૂપ એક એક સ્વભાવ એક લીધુ છે, એક લીધુ, એક સ્વભાવને એક પરિણતી ને વિકલ્પના રહિત, અભેદ પરિણતિથી તેને જુદાપણું જાણ. આહાહા... લાલચંદભાઈ... આહાહા આવી વાત છે (હાઁજી) વીતરાગ સ્વરૂપ પ્રભુ, એને અવિકારી પરિણતિથી તેને જાણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



(જીહૉં પ્રભુ) આહાહા... આમ જાણ, જાણ જાણ એમ નહીં... આહાહા... પરમાનંદસ્વરૂપ તેને પરમાનંદની શુદ્ધતાની પરિણતિ દ્વારા આનંદના વેદન દ્વારા, સ્વાદ દ્વારા જાણ (બરાબર) આહાહા... સમજાય છે કાંઈ ? (જી, સાહેબ) ઝીણી વાત છે બહુ, પ્રભુ. પણ મારગ આ છે એના જ્ઞાનમાં આ વાત પહેલી બેસવી તો જોઈએ. (બરાબર) એ ચંદુભાઈ (હૉં, જી) આહાહા...

વીતરાગભાવ પરમાનંદરૂપ એક, આહાહા... એક સ્વરૂપની પરીણતીની વાત છે અત્યારે શું કીધું ? વીતરાગ પરમાનંદરૂપ એક, પરિણતીની વાત છે આ (જી પ્રભુ) વસ્તુ એકરૂપ છે ત્રિકાળ પણ એને એકરૂપ પરિણતિથી જાણ (બરાબર) અનેકપણામાં નહી કામ આવે ભેદ, એમ કહે છે. આહાહા... સમજાણું કાંઈ ? (જી, બરાબર) એકરૂપ સ્વભાવ પરમાનંદ સ્વભાવ કીધો ને એ એકરૂપ છે. પર્યાયનો ભેદ જ નથી ત્યાં (બરાબર) એવો પરમાનંદ, જ્ઞાનમયી મૂર્તિ રહિત જ્ઞાનમયી પરમાનંદરૂપ એક સ્વભાવ તેને વીતરાગ પરિણતિ દ્વારા પરમાનંદની પરિણતિ દ્વારા એકરૂપની પરિણતિ દ્વારા આહાહા... (જી) અતિન્દ્રિય સુખ સ્વરૂપ અમૃત સ્વરૂપ કે સ્વાદ સે (બરાબર) આહાહા... કેટલું ભર્યું છે જુઓ ને. (બરાબર) સ્વરૂપચંદભાઈ, આવું છે...

એનો અર્થ એમ કહેવા માંગે છે કે એને જાણવા માટે નિમિત્ત અને વ્યવહારની તો અપેક્ષા છે જ નહીં એમ કહે છે ભાઈ, (બરાબર, જી સાહેબ) આ લોકો જે રાડ પાડે છે ને બધા વ્યવહારથી નિશ્ચય થાય, પ્રભુ એમ નથી હો. તું એવો પાંગળો નથી હોં... અહાહા.. તારી મોટપને કલંક લાગે. વ્યવહારથી થાય ને રાગથી થાય તો (જી પ્રભુ) આહાહા... રાગની, વ્યવહારની જેને અપેક્ષા નથી (બરાબર) આહાહા... જેને જાણવા માટે નિર્મળ પરિણતિની અપેક્ષા છે (બરાબર) આહાહા... ચંદુભાઈ (હૉં, જી) આહાહા.. થોડું પણ સત્ય હોવું જોઈએને બાપુ. લાંબી મોટી મોટી વાતો કરે ને એમાં સત્ય કાંઈ ન હોય, જે વસ્તુ છે એ હાથ આવે નહીં. (બરાબર) સમજાણું કાંઈ? (જી, સાહેબ) આહાહા...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



અતિન્દ્રિય, એ વસ્તુ અતિન્દ્રિય છે, એથી અતિન્દ્રિય સુખનાં સ્વાદથી જણાય એવી છે. સમજાણું કાંઈ ? (જી, સાહેબ) દેવજીભાઈ... આવી વાતુ છે. અતિન્દ્રિય સુખ સ્વરૂપ (બરાબર) પરમાનંદ શબ્દ લીધો ને એ પરમાનંદ સ્વભાવ પરિણતિનો લીધો છે. પરિણતિ દ્વારા આવા પરમાનંદ સ્વરૂપ મૂર્તિ રહીત જ્ઞાનમયીને જાણ. (બરાબર) આહાહા... કયો સમજાય છે કે નહીં કાંઈ? (જી, સાહેબ) કઈ અપેક્ષા કહેવાય છે, તે અપેક્ષાથી જાણવું જોઈએને... સમજાણું કાંઈ ? ઘણી અપેક્ષા, ભાઈ કહેતા'તાને ચંદુભાઈ કહે, કઈ અપેક્ષાએ... કેવુ જ્ઞાન... ગમે તે અપેક્ષા આવે તેને જાણવું તો પડે ને આપણે... એવું જ્ઞાન થયું એ અપેક્ષા જાણ... (જી, સાહેબ) આહાહા.. એ તો ભગવાન જ્ઞાનમયી છે એમ કીધું ને હૈં... હવે એને જાણવા માટે નિમિત્તથી થાશે કે વ્યવહારથી એતો જાણવાની તાકાતવાળો છે. આ રીતે હોય ને આ રીતે ન હોય એ અપેક્ષા એને જ્ઞાનમાં યથાર્થ છે. હૈં... આહાહા (બરાબર) કેમકે એ તો લોકાલોકને જાણે, એવો તેનો સ્વભાવ છે (બરાબર) આહાહા... એમાં તો કઈ અપેક્ષા એ લીધું એ બધું આવી ગયું કે નહીં ? હૈ. (બધું આવી ગયું) (બરાબર) (પરમસત્ય)

અતિન્દ્રિય સુખ સ્વરૂપ એ પણ પાછા અમૃત કે રસ કે સ્વાદ આ રાગનો સ્વાદ છે પુણ્યનો એ તો ઝેરનો સવાદ છે (બરાબર) આહાહા... વ્યવહારથી નિશ્ચય થાય એમ કહે છે ને એને ઉડાડે છે, સમજાણું કાંઈ? (જી સાહેબ) એકાંતે એમ કહે છે, નિશ્ચયથી થાય ને વ્યવહારથી થાય એ અનેકાંત છે, વ્યવહારથી ન થાય એ એકાંત એ પોકાર છે. સોનગઢ સામે, એ સોનગઢ સામે નહીં. આ ભગવાનની સામે કહે છે. આહાહા... (જી) (જીહાઁ) ભગવાન, તુ ભગવાન પૂર્ણાનંદનો નાથ, પ્રભુ! આહાહા...

'અલિંગગ્રહણ'માં કહ્યું'તું ને. ભાઈ. છઠ્ઠો બોલ, અલિંગગ્રહણ. છઠ્ઠો બોલ, ઈન્દ્રિયથી જણાય એવો નથી, અતિન્દ્રિય છે. ઈન્દ્રિયથી જાણે એવો નથી (બરાબર) ઈન્દ્રિયથી જણાય એવો ભગવાન નથી (બરાબર) આહાહા.. એ અતિન્દ્રિય પર્યાયથી જણાય એવો છે (બહુસ્પષ્ટ) આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



એ અર્થનું છે. ભગવાન આત્મા (હાઁ, જી) બાળ ગોપાળ, દેહનાં મધ્યમાં પ્રભુ બિરાજે છે. ભગવાન સ્વરૂપે, ભગવત સ્વરૂપે જ છે. પર્યાયનું લક્ષ છોડી દે. સમજાણું કાંઈ? એ રીતે બધા આત્મા સાધર્મી છે, વિરોધી કોઈ નથી પ્રભુ... (બરાબર) એનો સ્વભાવ જ આવો છે, એમ જેણે જાણે એને બીજાનો સ્વભાવ જ એવો છે એને આત્મા જાણે છે. એને બેસે કેમ ? આ વિરોધ થયો.

'સત્વેષ મૈત્રી ગુણેષુ પ્રમોદમ્ સત્વેષુ' બધા આત્મા પ્રત્યે મૈત્રી છે. બધા આત્મા સાધર્મી છે આખું દ્રવ્ય તરીકે આહાહા... સમજાણું કાંઈ? (જી). મિત્રને શત્રુ છે ક્યાં ?... સમજાણું કાંઈ?

જેવો એનો સ્વભાવ છે એ વીતરાગભાવે મિત્ર ને શત્રુના વિકલ્પ વિના એ ભાવે જણાય એવો છે (બરાબર) લાલચંદભાઈ. આહાહા.. એ ચંદુભાઈ.

આંહી તો કહે છે, કે આત્મામાં જે પ્રભુત્વ છે ઈશ્વર શક્તિ પૂરણ ઈ પ્રભુત્વ શક્તિ છે, ઈશ્વરશક્તિ છે ને ભાઈ, આઠમી વિભુત્વ છે.

આઠમી વિભુત્વ શક્તિ છે. એમાંથી આ બે આંકડામાં આવે છે, શાંતિભાઈ આવ્યા છે કે નહીં. (જી પ્રભુ) પ્રભુ તો એમ કહે છે (જી) ખબર હશે ને.

આઠમી વિભુત્વ શક્તિ છે ને, જીવત્વ, ચિત્તિ, દૃશિ, જ્ઞાન, વીર્ય, સુખ, પ્રભુત્વ ને વિભુત્વ. આઠમી. ઓલા આઠડા આવ્યા ને બે, અઠ્યાસી આવે છે ને ? ભાઈએ લખ્યું'તુ.

આંહી તો બીજું કહેવું છે મારે અત્યારે એ વિભુત્વ ને પ્રભુત્વ એ બે શક્તિ દરેક શક્તિમાં એનું રૂપ છે (બરાબર) શું કીધું ?

આનંદ શક્તિ છે એમાં પણ વિભુત્વ શક્તિનું રૂપ છે વિભુત્વ શક્તિ નથી. (જી) આહાહા... અને પ્રભુત્વ શક્તિ છે. ઈ પ્રભુત્વ શક્તિ નથી, પણ પ્રભુત્વ શક્તિનું એનામાં રૂપ છે (બરાબર) સમજાણું કાંઈ? (જી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



સાહેબ) એમ ઈશ્વર શક્તિ છે પ્રભુત્વ એટલે જ્ઞાનમાં ઈશ્વરતા આ શક્તિને લઈને નહીં (જી, સાહેબ) સ્વયં જ્ઞાન, જ્ઞાનની સ્વચ્છતા, જ્ઞાનમાં જ્ઞાનની અસ્તિત્ત્વતા, જ્ઞાનમાં જ્ઞાનની વસ્તુત્વતા, જ્ઞાનની જ્ઞાનમાં પ્રમેયેત્વતા. પ્રમેય ગુણ પાછો બીજો આહાહા...

એ ચિદ્દવિલાસમાં છે જ્ઞાનની પર્યાયના ષટકારક, ચિદ્દવિલાસ, એક એક ના છ કારક પર્યાયનાં હોં. ઓલા તો ધ્રુવ છે આહાહા...એવા દરેક ગુણના ષટ્કારક પોતાના કારણે છે. (બરાબર) શક્તિ છે, ત્રિકાળ કર્તા-કર્મ, ત્રિકાળ માટે આ છે એમ નહી. આહાહા... આવો ભંડાર છે મોટો ભગવાન. આહાહા... (બરાબર) સમજાણું કાંઈ ? (જી, સાહેબ) સાહેબ ફરી વખત...હૈ...

ઈ કહ્યું કે જેમ આત્મા છે એ જ્ઞાન સ્વરૂપ છે અને અસ્તિત્ત્વ ગુણ ભિન્ન છે. છતાં જ્ઞાન છે એ અસ્તિ છે એ એને પોતાને લઈને છે. (બરાબર) એ અસ્તિત્ત્વ ગુણને લઈને નહીં (જી સાહેબ) એમ જ્ઞાનમાં એક પ્રભુત્વ શક્તિ ભરી છે, એ શક્તિ એમાં નથી. એમાં ઈશ્વર શક્તિનું પ્રભુત્વ પોતાને લઈને છે. (બરાબર) (જી) જ્ઞાનમાં ઈશ્વરતા પોતાને લઈને છે (જી હાઁ પ્રભુ) ઈશ્વર શક્તિને લઈને નહીં (બરાબર) આહાહા... એમ જ્ઞાન પર્યાય કર્તાપણાની છે એ કર્તા શક્તિ છે એને લઈને નહીં (વાહ! અદ્ભુત) હૈં. અહાહા... (જ્ઞાનમાં ષટ્કારક) અરે ભગવાન ત્રણ લોકના નાથ ! તું ત્રણ લોકનો નાથ છો, જિન પ્રભુ સો હી આત્મા (બરાબર) ‘જિન સો હી આત્મા, અન્ય સો હી હે કરમ’, યહીં વચન સે સમજલે, જિન પ્રવચનકા મરમ’’ (બરાબર) આહાહા...

એક એક ગુણમાં અનંતગુણનું રૂપ આ રીતે છે. (બરાબર) શશીભાઈ... આહાહા... (બરાબર) જેમ આનંદ ગુણ છે, તો આનંદ ગુણમાં અસ્તિત્ત્વ ગુણ છે એ નથી, પણ આનંદનું અસ્તિત્ત્વ પોતાથી છે, એવું રૂપ છે એનું (બરાબર) એ અસ્તિત્ત્વ ગુણને લઈને આનંદ છે એમ નહીં (બરાબર) આનંદગુણનું અસ્તિત્ત્વ રૂપ છે એને લઈને આનંદનું અસ્તિત્ત્વ છે (બરાબર) એમ ઈશ્વરતા, પ્રભુત્વ નામનો એક ગુણ છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



આઠમો, એ શક્તિ દરેક ગુણમાં નથી, પણ એનું રૂપ દરેક ગુણમાં છે આહાહા (બરાબર) પ્રભુત્વ શક્તિ જ્ઞાનમાં છે, દર્શનમાં છે, આનંદમાં છે, શક્તિ ભિન્ન છે, પણ એનું રૂપ દરેક ગુણમાં છે આહાહા...

તત્ત્વ જ એવું એનું સ્વરૂપનું એટલું સામર્થ્ય છે, ભિન્ન તત્ત્વ નહીં, અનેક ગુણનું રૂપ એટલે સ્વરૂપ, આ શક્તિ વિના એનું એવું સ્વરૂપ એક દ્રવ્ય કયાં રહ્યું, એવા તો અનંતા ગુણો સાથે, અનંતા ગુણો ને અનંતતારૂપ પાછા બધુ થઈને દ્રવ્ય છે. આહાહા...

બાપુ, ભગવાન એ તું કેવડો મોટો છે ? એની આ વાત હાલે છે આતો ભગવાનનો મોક્ષનો દિવસ છે ને (જી) આજે પૂર્ણાનંદ મોટપમાં એકતા થઈ ગઈ. પ્રભુ પણ તમે મોટા ના હોય તો તમને શિર પર રાખે કોણ ? એમ કહ્યું ને પરમાત્મ પ્રકાશમાં પ્રભુ તમે મોટા છો એટલે શિર પર રાખ્યા છે. અને ત્યાંય ખેચો છો અહીંના જીવને. તમને આંઈ ખેંચી શકતા નથી, અનંતા જીવો, તમે થોડા અને આ ઝાઝા, તો થોડા છો, તો પણ જીવને ખેંચીને લઈ જાવ છો... એમ કહે છે...થોડા છે ને, હજી અનંતમાં ખેંચીને પાછા સંસારમાં આવે છે.

પરમાત્મપ્રકાશમાં છે, (બધાને ખેંચવા જોઈતા'તા) આહાહા... આ તો વીતરાગભાવ છે (જી) પરમાત્મ સ્વરૂપે પ્રેમ છે ને પ્રભુ પરમાત્મા પ્રત્યેનો પ્રેમ છે, ને એને લઈ ને વિકાસ થાય. આહાહા... એના પ્રેમથી પ્રાપ્ત થાય. આહાહા.... (બરાબર) સમજાણું કાંઈ? (જી, સાહેબ) આ મૂળમાં બધું જોયું છે આમાં આહાહા... વાત ચાલીને ભાઈ. પછી કીધુ આ નવાં આવ્યા છે ને...

પછી એનું એ આવે કાંઈ એનું એ આવે કે ઘણું નવું આવે. આહાહા...

ભગવાન, શરીર ને ભૂલી જા શરીર નહીં, કર્મ નહીં. રાગ નહીં પર સાથે કાંઈ સંબંધ જ નથી (બરાબર) અરે, એક સમયની પર્યાય નહીં આહાહા... (જી..) અને એવા જે અનંતાગુણો એક-એક ગુણમાં અનંત ગુણનું રૂપ (બરાબર) એવા અનંતા ગુણો આહાહા... કેટલા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



ગુણો... આકાશના પ્રદેશ, પ્રભુ ક્યાં અંત છે ક્યાંય ? (જી) આકાશ, આકાશ, આકાશ... આમ ચારેય બાજુ અરૂપી (જી) ક્યાં એનો છેડો? છેડો તો પછી શું ? આહાહા.. એવો જે અંત વિનાનો આકાશ એના જે પ્રદેશોની સંખ્યા એ શું કહેવું આહાહા- એનાથી અનંત ગુણા એક ભગવાનમાં રૂપ છે આખામાં. (બરાબર) અનંતગુણમાં ગુણ છે, અને અનંત જેટલા ગુણ છે, તેવું એક-એક ગુણમાં અનંતુ રૂપ છે. આહાહા...(બરાબર) અને એની એક એક પરિણતિમાં ષટ્કારકનું પરિણમન.. ષટકારક ગુણ છે માટે નહીં... આહાહા...(જીહઁ) આહાહા.. હૈ... એ ઉત્પાદનો કાળ જે ષટ્કારકમાં સમ્યક્દર્શન જ્ઞાનની પર્યાયનો છે એને કાંઈ ધ્રુવની અપેક્ષા નથી (બરાબર) જેના અનંતગુણનું રૂપ એવા ગુણોની પણ જેને પરણતિ ને અપેક્ષા નથી (બરાબર) આહાહા...

ભગવાનનો મોક્ષ છે ને આજ, પર્યાયનો આહાહા.. ગુણની ખાન એવી છે કે આહાહા... (બરાબર) એ પર્યાયમાં, એ આખુ દ્રવ્ય આવે નહીં, પણ પર્યાયમાં આખા દ્રવ્યનું સામર્થ્ય કેટલું છે એ શ્રદ્ધા જ્ઞાનમાં આવી જાય (બરાબર) આહાહા.. સમજાણું કાંઈ ? (જી, સાહેબ) આ તો મારગ બાપુ અલૌકિક છે. (આવું ભગવાનનું સ્વરૂપ છે) સ્વરૂપ એવું છે તારું પોતાનું સ્વરૂપ એવું છે, આહાહા... એની ખબર નથી, ખબર નથી... ભીખારી થઈને કોડી-કોડીનું કલ્યાણ પામે છીએ એવું આવે છે ને, એક ઠેકાણે...

ત્રણ લોકના નાથ ક્યાં ક્યાં રહે છે? જરી મને માન આપે. આહાહા... મને સારો કહો, મને મોટો કહો. પૈસાવાળા કહો, બીજાથી અધિક ભિખારી પાક્યા છે બધા (બરાબર) કોડી-કોડીનો ભિખારી. (જી) આહાહા.. પોતાને ભૂલી ગયો... (પૈસા આત્મામાં નથી એટલે માંગવા પડે ને) એમ કહે કે આત્મામાં નથી. આ પૈસા, એટલે માંગવું પડે ને, આહાહા... ભગવાનજીભાઈ, આહાહા.. એ જેમાં નથી એને માંગે એ ભિખારા છે એમ કહે છે આહાહા... (જી, સાહેબ) ઝીણી વાત બાપુ...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



સમ્યક્દર્શનનો અને એનો જે વિષય આહાહા.. આવો છે. એ ત્યાં કહ્યું'ને ૧૪૪ માં, એ શૈલી આમાં લીધી છે. ઈ સમ્યક્દર્શન ના, કાળે તે, શ્રદ્ધાય છે. તે કાળે જ્ઞાન એમ થાય છે, જ્ઞાનમાં આવ્યો છે, જણાણો ત્યારે તેનું જ્ઞાન છે (બરાબર) આહાહા... શાસ્ત્રથી જાણ્યું, જે વસ્તુ ઈ કોઈ સમ્યક્ જ્ઞાન નહીં, જે જ્ઞાનની પરિણતિમાં 'જ્ઞાયક' જણાણો તે જ્ઞાનને જ્ઞાન કહેવામાં આવે છે. (બરાબર) આહાહા... જે શ્રદ્ધામાં આખો પેઠો એની પાચન શક્તિ શ્રદ્ધાની એટલી છે. જેમ અગ્નિમાં પાચન શક્તિ છે કે ગમે તેવા અનાજને પકવી દે, પકવી દે. એમ શ્રદ્ધાની એટલી પાચન શક્તિ છે કે દ્રવ્યને સ્પર્શ્યા વિના, અડ્યા વિના એ પૂરણ અનંતગુણના રૂપને શ્રદ્ધી લે, જાણી લે, માની લે, (જી પ્રભુ) હૈ ? આહાહા... ભગવાન, આવો તું છો હોં. (જી નાથ) આહાહા... એ મોટપને હીણી ન થવા દે. આહાહા... આંહી કહે છે (જી) વીતરાગ ભાવ પરમાનંદરૂપ એક, અતિન્દ્રિય સુખ સ્વરૂપ, આહાહા...

અને અમૃત કા રસનો સ્વાદ એ અમૃતના રસના સ્વાદ રૂપે આત્મા પરિણમે છે, એમ કહે છે, (જી) આહાહા... સમજાણું કાંઈ? (જી સાહેબ) અને એમાં એમ કહ્યું ને 'સર્વગુણાંશ તે સમકિત'. એમ કહ્યું ને ભાઈ, 'સર્વ ગુણાંશ તે સમકિત'. શ્રીમદ્ અને આપણે આહીં 'રહસ્યપુર્ણ ચિઠ્ઠી'માં ચોથે ગુણસ્થાને જ્ઞાનાદિ એકદેશે સર્વ પ્રગટ થાય છે. 'રહસ્યપુર્ણ ચિઠ્ઠી', કેવળીને સર્વ ગુણ પૂરણ પ્રગટ થાય છે. આહાહા... ઈ આંહી કહે છે (જી) દેવીલાલજી, આવી વાતો છે.

પ્રમાણ વચન, ગુરુદેવ...

૬૦ વસ્તુને પકડે તેનું નામ આત્મા ઉપાદેય છે. ધારણામાં આ હેય છે, આ ઉપાદેય છે- એમ કર્યા કરે તેનું નામ હેય-ઉપાદેય નથી. લક્ષ છોડી દેવું તેનું નામ હેય છે અને વસ્તુને પકડવી તેનું નામ ઉપાદેય છે. આત્મામાં એકાકાર થાય ત્યારે આત્મા ઉપાદેય થયો કહેવાય. રાગાદિનું લક્ષ છૂટી જવું તેનું નામ તેને હેય કર્યો કહેવાય.

- **પૂજ્ય ગુરુદેવ** *(દ્રવ્યદ્રષ્ટિ જિનેશ્વર)*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates



# -: ગાગરમાં સાગર :-

❀ સ્વ-પરને જાણવાની યોગ્યતા પર્યાયની પોતાની છે તેથી તેને જાણે ત્યારે જ્ઞેય તેમાં જણાય એમ નિકટપણાને લીધે કહેવામાં આવે છે. જ્ઞાનની એક સમયની પર્યાય અનંતા દ્રવ્યોને જાણે છે ને પર્યાયમાં અનંતા દ્રવ્યો જણાવા લાયક છે તેમ કહેવું તે પણ વ્યવહાર છે, ખરેખર તો જ્ઞાનની એક સમયની પર્યાય સ્વજ્ઞેય નિજ આત્માને જાણે ત્યાં અનંતા પરજ્ઞેયો તેમાં જણાય જાય એવી તે પર્યાયની શક્તિ છે.

❀ વ્યવહારરત્નત્રયનો રાગ આવ્યો તેને જ્ઞાને જાણ્યું, ત્યાં જ્ઞાન પોતાની પર્યાયને જાણે છે, રાગને નહીં. જાણનાર સ્વને જાણતાં પરને જાણવાપણે પરિણમે છે તોપણ તેને જ્ઞેયકૃત જ્ઞાન થયું છે તેમ નથી પણ તેને જ્ઞાનકૃત જ્ઞાન છે. સમ્યગ્દષ્ટિ ચક્રવર્તીને રાગનું જ્ઞાન થયું તે રાગના લઈને થયું નથી પણ સ્વપરપ્રકાશક શક્તિને લઈને જ્ઞાન જ્ઞાનને જાણે છે, જ્ઞેયને જાણે છે તેમ કહેવું એ તો વ્યવહાર છે. રાગને જાણતાં જે જ્ઞેયકારે જણાયો તે આત્મા જણાયો છે, રાગ જણાયો નથી, કેમ કે તેને જ્ઞેયકૃત અશુદ્ધતા નથી.

❀ આહાહા ! શું કથન છે ! વ્યવહારથી નિશ્ચય થાય છે, નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય, પૂર્વપર્યાય કારણ ને ઉત્તરપર્યાય કાર્ય-એ બધાં વ્યવહારના વચન છે, એક એક સમયની પર્યાય - ચાહે તો કેવળજ્ઞાન હો, ચાહે તો નિગોદના જીવની અક્ષરના અનંતમાં ભાગની જ્ઞાનની પર્યાય હો, ચાહે તો મિથ્યાત્વ હો કે ચાહે તો રાગનો કણ હો- એ બધી પર્યાયનું અસ્તિત્વ જગતમાં, છ દ્રવ્યમાં છે પણ તે અસ્તિત્વ એવું છે કે જેમ છ દ્રવ્યસ્વરૂપ લોક છે તેમ પર્યાય પણ પોતામાં, પોતાથી, પોતાના કારણથી છે, જેમ દ્રવ્યને ગુણ પોતામાં, પોતાથી છે તેમ પર્યાય પણ પોતામાં પોતાથી, પોતાના કારણથી છે.

- **પૂજ્ય ગુરુદેવ** *(દ્રવ્યદ્રષ્ટિ જિનેશ્વર)*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.org for updates

# શાસ્ત્રાભ્યાસનું મહત્વ

જુઓ ! શાસ્ત્રાભ્યાસનું મહત્વ, જે કરવાથી પરંપરા આત્માનુભવ દશા પ્રાપ્ત થાય છે, મોક્ષરૂપફળની પણ પ્રાપ્તિ થાય છે. એ તો દૂર રહ્યું, તત્કાળ આટલી બાબતોની (ગુણોની) પ્રાપ્તિ થાય છે.

- ક્રોધાદિ કષાયોની મંદતા થાય છે.
- પંચેંદ્રિયોના વિષયોમાં પ્રવૃત્તિ જતી નથી.
- અતિ ચંચલ મન પણ એકાગ્ર થાય છે.
- હિંસાદિ પાંચ પાપો ઘડતાં નથી.
- અલ્પજ્ઞાન હોવાં છતાં ત્રાણલોકના ત્રાણ કાળ સંબંધે ચરાચર પદાર્થોને જાણવાનું થાય છે.
- હેય-ઉપાદેયની ઓળખ થાય છે.
- જ્ઞાન આત્મસન્મુખ થાય છે.
- વધુ અને વધુ જ્ઞાન થવાથી આનંદ ઉત્પન્ન થાય છે.
- જગતમાં મહાત્મ્ય-જશ વધે છે.
- સાતિશય પુણ્યનો બંધ થાય છે.

- પં. ટોડરમલજી - સમ્યક્જ્ઞાનચંદ્રિકા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com